**સુવિચાર**

કુટુંબમાં એકસૂત્રતા જાળવવા સાથે રહીએ જેથી ભવિષ્યમાં પહાડ જેવા લાગીએ અને મુશ્કેલીઓ આવે તો સાથે મળીને તેનો સામનો કરી શકીએ.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૧/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ વદ-૫ વર્ષ : ૧૯ અંક : ૦૩૧

## ખાનગી એજન્સીને અપાયેલ કોન્ટ્રાકટનો કોઈ મત્તલબ નથી

# અમરેલીમાં પશુઓને ડબ્બે પુરવાની કામગીરી બંધ !

**જાહેર માર્ગો, સાર્વજનિક પ્લોટ ઉપર અડિંગો જમાવતાં પશુઓને સલામત સ્થળે ખસેડવા જરૂરી**

**રખડતા આખલાઓ, શ્વાનને લીધે અવારનવાર અકસ્માતની પણ ઘટના બની રહી છે**

**રખડતા પશુઓને લીધે શહેરમાં ગંદકીનો પણ માહોલ ફેલાતો હોય છે**

**પાલિકાનાં શાસકો અને ઉચ્ચ પદાધિકારીઓ પણ રખડતા પશુઓ અંગે કયારેય ચિંતા કરતા નથી**



અમરેલી, તા. ૧૭
અમરેલીશહેરમાંઅંદાજિત ૫ થી ૭ જેટલા શ્વાન, આખલાઓ અને ગાય સહિતનાં પશુઓ જાહેરમાં ફરતાં જોવા મળી રહ્યા છે અને પાલિકા ધ્વારા માત્રને માત્ર ૩૫ જેટલી ગાયને ડબ્બે પુરીને સંતોષ માનવામાં આવી રહ્યો છે. અમરેલી શહેરમાં રખડતા પશુઓને ડબ્બે પુરવા માટે પાલિકા ધ્વારા ખાનગી એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યાને ૪ થી ૫ મહિના જેટલો સમય પસાર થયો હોય જો એજન્સી પાસેથી પાલિકાએ નિયમ પ્રમાણે કામ લીધું હોત તો શહેરમાં એક પણ પશુ જાહેર માર્ગ પર જોવા ન મળત.

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા અને રાજયની જનતા ચાતક નજરે રાહ જુએ છે

# અમરેલીમાં કથિત લેટરકાંડ બાદની ઘટનાની તપાસનાં રીપોર્ટની સૌ રાહમાં

**કસુરવાનો સામે કાર્યવાહી થાય છે કે કેમ તે જોવું રહ્યું**

અમરેલી, તા. ૧૭
અમરેલીનાં બહુચર્ચિત લેટરકાંડ બાદ બનેલ ઘટનાની તપાસ શરૂ થઈ ચુકી છે. ત્યારે જિલ્લા સહિત સમગ્ર રાજયની જનતા રીપોર્ટની કાગડોળે રાહ

અનુસંધાન પાના ૬ ઉપર

## મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. ઘનશ્યામદાસબાપુનાં અધ્યક્ષ સ્થાને

# બાબરાનાં તાપડીયા આશ્રમ ખાતે આગામી મંગળવારે જગતગુરૂ શ્રી રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૫ મી જન્મજયંતીની ઉજવણી કરાશે

**ગુરૂ મહારાજનું પૂજન, સંતોના સામૈયા, ધર્મસભા અને ભોજન પ્રસાદ યોજાશે**

બાબરા, તા. ૧૭
બાબરા સ્થિત તાપડીયા આશ્રમ ખાતે ૨૧ જાન્યુઆરીને મંગળવારે મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. ઘનશ્યામદાસબાપુનાં અધ્યક્ષ સ્થાને જગતગુરૂ શ્રી રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૫ મી જન્મજયંતીની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

સવારે ૮ થી ૧૦ ગુરૂ મહારાજનુંપૂજનઅર્ચન, બપોરે ૪ કલાકે

અનુસંધાન પાના ૬ ઉપર



















# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં 'ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ' કેરિયર સેમીનાર યોજાયો






અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ અમરેલીમાં તારીખ ૧૦/૧/૨૫ને શુક્રવારનાં રોજ અમરેલી જીલ્લા રોજગાર કચેરી અમરેલી અને 'ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ કેરિયર સેન્ટર રાજકોટના સશયોગથી 'ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ કેરિયર સેમીનાર આયોજીત થયો. આ સેમીનારમાં અમરેલી જીલ્લા રોજગાર કચેરી અમરેલીનાં કૌશિકભાઈ વાઘેલા, ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ કેરિયર સેન્ટર રાજકોટના હાર્દિકભાઈ મહેતા, ઈન્ચાર્જ પ્રિન્સિ. ડો.બી.આર.ચુડાસમા કેરિયર કોર્નર કો ઓર્ડીનેટર ડો. ગિરિશભાઈ વેલિયત, સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમીનાર પ્રારંભે પ્રા.વેલિયત સેમીનારની રૂપરેખા પ્રસ્તુત કરી હતી. ત્યારબાદ ઈન્ચાર્જ પ્રિન્સિ ડો.બી.આર. ચુડાસમા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યુ અને પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતુ. આ પ્રસંગે હાર્દિકભાઈ મહેતાએ વિદ્યાર્થીનીઓએ વિદેશમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો વિશે, તેમા પ્રવેશ મેળવવા અંગે, પાસપોર્ટ અંગે, વિઝા કેવી રીતે મેળવવા, સ્ટુડન્ટ લોન મેળવવા અંગે વિશદ માર્ગદર્શન આપ્યુ હતુ. કૌશિકભાઈ વાઘેલાએ સર્વે વિદ્યાર્થીનીઓને કારકિર્દી માર્ગદર્શન આપ્યુંહતું. અને રોજગાર અને કારકિર્દીનું મહત્વ સમજાવ્યુ હતુ. આ સેમીનારમાં ૬૫ વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન ફોર્મ ભર્યા હતા. સેમીનારને સફળ બનાવવામાં પ્રા.જૈમિનભાઈ જોશી ઈન્ચાર્જ પ્રિન્સિ ડો.બી.આર. ચુડાસમા, સમગ્ર સ્ટાફ મેમ્બર અને વિદ્યાર્થીનીઓનો ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન કેરિયર માર્ગદર્શન પ્રા.વેલિયતએ કર્યુ હતુ.

## સાવરકુંડલાનાં સ્વાતંત્ર્ય સેનાની લલ્લુભાઈ શેઠ



સાવરકુંડલા, તા. ૧૭

લલ્લુભાઈનો શેઠનો જન્મ ૧૯૧૬માંકાનાતળાવમુકામેથયોહતો. તેમના પિતાનું નામ મોતીચંદ શેઠ અને માતાનુંનામજેકોરબેનહતું. બાળપણથી જ લલ્લુભાઈને નવું નવું જાણવાની વૃતિ અનેદેશમાટે કંઈક કરવાની લગનીહતી. વિદ્યાર્થીકાળથી વ્યાયામની પ્રવૃતિમાં વિશેષ રસહતો. તેઓ શાળામાંઆંબલી પીપળી, મોઈ દાંડિયા અને અંગ કસરતની રમતોમાં ભાગ લેતા હતા. લલ્લુભાઈ બાળપણના મિત્ર અમુલખભાઈ ખીમાણીહતા. લલ્લુભાઈ, અમુલખભાઈ અને બીજા મિત્રો મળીને બાલમિત્ર મંડળની સ્થાપના કરી હતી. જેનો હેતુસામાજિક, સાંસ્કૃતિકઅનેબાળ કેન્દ્રીય પ્રવૃતિઓને સમાજ સમક્ષ લાવવાનોહતો. લલ્લુભાઈ અનેમિત્રોએ એકવાર નક્કી કર્યુ કે ભાવનગરના રાજા કૃષ્ણકુમારસિંહજી મિતિયાળા જંગલમાં શિકાર અર્થે આવ્યા છે, તો તેમની સામે અંગકસરતના ખેલ રજૂ કરીએ અને મહારાજને ભુંદરાવાડી એટલે હાલ વ્યાયામ મંદિર (અખાડો)ની જગ્યા માંગી. મહારાજાએ સાવરકુંડલા બાલ મિત્રમંડળના અંગ કસરતના ખેલ જોઈ ખુશ થઈને વ્યાયામ મંદિરની જગ્યા લલ્લુભાઈ અને મિત્ર મંડળને આપવામાં આવી.

ઈ.સ. ૧૯૩૦માં આઝાદીની લડાઈ ચાલતી હતી એ દરમિયાન રાજકોટથી મોહનલાલ મહેતા અને વજુભાઈ શાહ સાવરકુંડલા આવ્યાહતા. આબંનેનેતાઓએયુવાનોને રાષ્ટ્રીયતા અને દેશપ્રેમના પાઠ ભણાવ્યા. તેનાથીપ્રભાવિતથઈ મીઠાંસત્યાગ્રહમાં ઈ.સ.૧૯૩૦માં ચૌદ વર્ષની ઉંમરે ઘરેથી ભાગી જઈને લલ્લુભાઈ અને કાંતિલાલ મહેતા ધોલેરા સત્યાગ્રહમાં જોડાયા, ચૌદ વર્ષના બાળક લલ્લુભાઈને જોઈ રસિકલાલ પરીખ, દેવીબેન પટ્ટણી, બળવંતભાઈ મહેતા, વિસ્મય સાથે આનંદિત થયાં. માતા પિતા અને કુટુંબીજનો તેમને પકડી અને ઘેર લાવતા હતા ત્યાંથી રાત્રે ઢસા સ્ટેશનથી પાછા ભાગી ગયા. મીઠાં સત્યાગ્રહમાં લીંબડી પહોંચ્યા. લીંબડીમાંસ્વાતંત્ર્ય સૈનિકો પર અનેક અત્યાચારો કરવામાં આવ્યા. લલ્લુભાઈની નાની ઉંમર હોવાથી છોડી મકયા. લલ્લુભાઈ હિંમત હાર્યા નહિ અને સ્મશાનમાં રાત્રિ રોકાણ કર્યુ. ત્યારબાદ ઘોઘા સત્યાગ્રહમાં જોડાયા અને ત્યાં પકડાયા. લલ્લુભાઈને બે ગુના બદલ ત્રણ–ત્રણ મહિનાની એમ છ માસની સજા થઈ, જેલમાં પરિવારના સભ્યોએ સમજાવ્યા પણ ન માન્યા જેથી સાબરમતી જેલમાં અનેક યાતનાઓ કરવામાં આવી. સાબરમતી જેલમાંથી છૂટયા એટલે તેમને પોલીસ કુંડલા મૂકી ગઈ. ત્યાં તેમને નજર કેદમાં રાખવામાં આવ્યા. ઈ.સ.૧૯૩૪માં લોકો માટે જરૂરી વસ્તુઓ માટે જવાહર ભંડાર શરૂ કર્યો. ઈ.સ. ૧૯૩૮માં ગાંધીજીએ રાજકોટમાંવિરાવાળા સામે સત્યાગ્રહની લડત ઉપાડી જેમાં લલ્લુભાઈ અને મિત્રમંડળ જોડાયું. ૧૯૪૨ની હિન્દ છોડો લડતમાં ભાગ લીધો. લલ્લુભાઈ ઈ.સ. ૧૯૪૪માં નિર્મળાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા. ઈ.સ. ૧૯૪૬ માં કંડલા ગ્રામ સેવા મંડળની સ્થાપના કરી.

ઈ.સ.૧૯૪૭માં ભારત આઝાદ થતાં સાવરકુંડલા બાજુમાં આવેલ ગાધકડા જૂનાગઢ રાજયમાં આવતું. રતુભાઈ અદાણીએ લલ્લુભાઈ અને અમુલખભાઈને સંદેશો મોકલ્યો કે ' 'ગાધકડા ગામને ભારતસંઘ સાથે જોડવું છે.'' લલ્લુભાઈએ નવાબનો ખાસ વફાદાર નુરમામદને પકડી લીધો આમ ગાધકડામાં આરજી હકૂમતનો ઝંડો લહેરાયો અને ગાધકડા ભારત સંઘ સાથે જોડાયું.

લલ્લુભાઈ શેઠે સાવરકંડલામાં બાલમંદિરથી લઈ કોલેજ સુધી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરી. સ્વ.મનુભાઈ પંચોળીએ લલ્લુભાઈને બિરદાવતાં કહયું હતું કે લલ્લુભાઈએ સાવરકુંડલામાં રચનાત્મક પ્રવૃતિઓના માધ્યમથી વિદ્યામંદિરોના આંબાઓ રોપ્યા છે. લલ્લુભાઈની રાજકીય પ્રવૃતિમાં લોક કલ્યાણ છુપાયેલું હતું. ૧૯૫૨, ૧૯૭૫, ૧૯૯૦ આમ ત્રણ વખત સાવરકુંડલાનાં ધારાસભ્ય રહ્યા હતા. ૧૯૭૫ થી ૧૯૮૦ દરમિયાન જનતા સહકારમાં પુરવઠા મંત્રી રહ્યા હતા. પ્રધાન હોવા છતાં ૭૬ વર્ષની વયે એસ.ટી.માં મુસાફરી કરતા. નિયમિત પૂનમ મીટીંગમાં હાજરી આપવા જતાં હતા. સાવરકુંડલામાં લલ્લુભાઈની સ્મૃતિમાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર કાર્યરત છે. જેમાં તમામ મેડિકલ સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. લલ્લુભાઈ શેઠે ગાંધી વિચાર, ખાદી કામ અને રચનાત્મક પ્રવૃતિઓના માધ્યમથી સતત તાલુકાની જ જનતાની સુપેરે સેવા કરી હતી. લલ્લુભાઈ શેઠ ઈ.સ. ૧૯૯૨માં ગાંધી નિર્વાણ દિવસે મૃત્યુ પામ્યા ત્યારે લોકોએ પોતાના પ્રિય નેતાને અશ્રુભીની આંખે વિદાય આપી હતા.

**સંકલન : બિપીનભાઈ પાંધી–સાવરકુંડલા**
**પ્રસ્તુતિ : મનીષભાઈ બી. વિંઝુડા–સાવરકુંડલા.**

## છતડીયા ગામે ડાભીયા પરિવારને ત્યાં સંતો મહંતોની પધરામણી



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૭

રાજુલા નાછતડીયા ગામે વીરભદ્રભાઈ ડાભીયાના નિવાસસ્થાને ભાનુકુળભૂષણ ૧૦૦૮ મહામંડલેશ્વર એવા સુરજદેવળ મહંત શાંતિ બાપુ, ગુજરાત કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ એવા જસદણ દરબાર શ્રી સત્યજીત કુમાર સહીત ના સંતો મહંતો, સમાજના આગેવાનો ખાસ મહેમાનો બન્યા હતા. આ તકે દરેક મહાનુભાવોનુ સ્વાગત સન્માન સમગ્ર ડાભીયા પરિવાર દ્વારા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

સાથો સાથ કાઠી સમાજ ના બંને ભાઈઓ વનરાજભાઈ વરૂ (રાજુલા શહેર ભાજપ પ્રમુખ) તેમજ કુલદીપભાઈ વરૂ (જાફરાબાદ તાલુકા ભાજપ પ્રમુખ) ની તાજેતરમાં નિયુક્તિ થઈ તે બદલ બંને ભાઈઓનું સમાજના પ્રમુખના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા ત્યારે સમગ્ર આગેવાનો અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોપાલગ્રામ ખાતે પૂ. બજરંગદાસ બાપાની પુણ્યતિથિએ પ્રસાદ વિતરણ



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુર, તા. ૧૭

ચલાલા નજીક આવેલ ગોપાલગ્રામ ખાતે પુ. બજરંગદાસ બાપાની પુણ્યતિથિ નિમિતે પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

### માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ દ્વારા

## અમરેલીનાં માલવિયા પીપરીયા ખાતે એનએસએસ કેમ્પનું આયોજન થયુ

### ૩૮ વિદ્યાર્થીનીઓએ શિબિરમાં ભાગ લીધો



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત, અમરેલી શહેરની એકમાત્ર ગ્રાન્ટ ઈન એઈડ મહિલા કોલેજ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એન.એસ.એસ. વિભાગના સંયુકત ઉપક્રમે માયાપાદર મુકામે તા. ૨/૧/૨૫ થી ૮/૧/૨૫ દરમિયાન સાત દિવસની આવાસીય શિબિરનું સુંદર, અસરકારક આયોજન થયું. આ શિબિરમાં આ કોલેજમાં અભ્યાસ કરતી ૩૮ વિદ્યાર્થીનીઓએ સાત દિવસ ત્યાં રોકાઈને એન.એસ.એસ. કો– ઓર્ડિનેટર પ્રા.ડો. અરૂણાબેન પટેલ તથા સહયોગી પ્રા.નયનાબેન જોષી તથા સહસંયોજક ડો. નિરૂપાબેન ટાંકના માર્ગદર્શનમાં ગ્રામ સફાઈ, પ્રભાતફેરી, વૃક્ષારોપણ, પર્યાવરણ ઝુંબેશ અવેડાની સફાઈ, ભીત સુત્રો, વૃક્ષોને રંગ, બૌધ્ધિક વ્યાખ્યાન પ્રા.શાળામાં વિવિધ રમત–ગમત સ્પર્ધાઓ વગેરે અસરકારક કાર્યક્રમો આયોજીત કર્યા હતાં. તેમજ શિબિરાર્થી બહેનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાત દિવસના કેમ્પ દરમિયાન અમરેલી જિલ્લાના શાંતાબા મેડીકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલના 'કોમ્યુનીટી મેડીસીન વિભાગ' દ્વારા આરોગ્ય ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો અને શિબિરાર્થીની બહેનોના શરદી, ઉધરસ, તાવ, હિમોગ્લીબીન બી.પી., ડાયાબીટીસ વગેરે જનરલ ચેકઅપ કરવામાં આવ્યું અતું. અને ડોકટરોએ ગ્રામજનોને આરોગ્ય પ્રત્યે જાગૃત કર્યા હતાં.

નેત્ર ચિકિત્સા કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજકોટમાં કાર્યરત તમન્ના ટ્રસ્ટમાંથી ડો.હનીફભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં બહોળી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો હતો. આંખોનું ચેકઅપ કરી રાહત દરે ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું. અને આંખોના મહત્વ વિશે સમજાવ્યું હતું.

એન.એસ.એસ.સમાપન સમારોહમાં અતિથિ વિશેષપદે માલવિયા પીપરીયા ગામનાં સરપંચ દયાબેન મુલાણી, પ્રાથમિક શાળાના આચાર્ય વસંતબેન આંબલિયા, એસ.એમ.સી. કિરણબેન મુલાણી, રેસિડેન્સી મધુભાઈ માલવિયા, વિપુલભાઈ માલવિયા, મહેન્દ્રભાઈ મુલાણી તથા કોલેજ સ્ટાફ અને ગામના વડીલો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. તમામ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યુ માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ ડો.બી.આર. ચુડાસમાએ મહેમાનોને આવકારી શિબિરાર્થી વિદ્યાર્થીનીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. અને રાષ્ટ્રીય સેવા યોજનાનું મહત્વ સમજાવ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એન.એસ.એસ. વિભાગના અધ્યક્ષ માન. ડોબરીયાએ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટી.વાય.બી.એ.ની શિબિરાર્થી લિંબાસીયા ઉર્મિએ કર્યુ હતું. ટી.વાય.બી.એ.ની શિબિરાર્થી તેરૈયા હર્ષાએ સાત દિવસીય એન.એસ.એસ. કેમ્પનો અહેવાલ રજૂ કર્યો હતો. એફ.વાય.બી.એ.ની શિબિરાર્થી મુંગલપરા રોમાન્સીએ એન.એસ.એસ. કેમ્પનો પોતાનો પ્રતિભાવ રજૂ કર્યો હતો. એન.એસ.એસ. સમાપન કાર્યક્રમમાં પ્રા.ડો.નિરૂપાબેન ટાંકએ આભાર દર્શન કર્યુ હતું. સમગ્ર શિબિરને સફળ બનાવવા કોલેજના તમામ સ્ટાફ મેમ્બર્સ તથા ટ્રસ્ટીઓ તથા માલવિયા પીપરીયા ગ્રામજનો દ્વારા ખૂબ સહયોગ પ્રાપ્ત થયો હતો.

એન.એસ.એસ. કેમ્પને સફળ રીતે આયોજીત કરવા બદલ સમગ્ર કોલેજ સ્ટાફ તથા એન.એસ.એસ. વિભાગ તથા શિબિરાર્થી બહેનોને અમરેલ જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વી.એન.પેથાણી તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.બી.આર. ચુડાસમાએ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

# રાંદલના દડવા ખાતે પુણ્યતિથિ મહોત્સવે કૌશિક વેકરિયા અને કુંવરજીભાઈ બાવળીયાનુ સન્માન થયુ






તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા






વડિયા કુંકાવાવ તાલુકાના રાંદલના દડવા ખાતે કૈલાસવાસી. મહંતની પુણ્યતિથિ નિમિત્તે આજે ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી હતી ત્યારે વડિયા કુંકાવાવ અમરેલી ના ધારાસભ્ય અનેગુજરાતવિધાનસભાના નાયબમુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા સાથે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનું મંદિર પરિવાર દ્વારાસન્માનકરવામાંઆવ્યુંહતુંજેમાંરાંદલ માતાજી મંદિર ના મહંત હરેશપ્રગટ બાપુ સહિતનાએબંનેમંત્રીઓનુંભવ્યસ્વાગત કરવામાં આવ્યું હતું આ તકે રાંદલ દડવા ગામનાસરપંચમનસુખભાઈબરવાળીયા તાલુકાભાજપમહામંત્રીશૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા સહિતના રાજકીય આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા વડિયા તાલુકાના રાંદલના દડવા ખાતે કૈલાશવાસી મહંત બળવંતપ્રગટ બાપુની છઠ્ઠી પુણ્યતિથિમાં મહંત હરેશપ્રગટ બાપુ અને રમેશપ્રગટ બાપુ, અશ્વિનપ્રગટ, પ્રકાશપ્રગટ તેમજ તેમના પરિવાર દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી

### લાઠી નજીક આવેલ

# દુધાળામાં હેતની હવેલી ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રતએ મધુર ગોળનો સ્વાદ માણ્યો

## પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાએ રાજયપાલને આવકાર્યા



લીલીયા, તા. ૧૭

અમરેલી જિલ્લાની મુલાકાતે આજે રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી આવ્યા હતા તે દરમ્યાન દુધાળા હેતની હવેલીની મુલાકાત લીધી હતી. આ તકે પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાએ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને તેમના પરિવારના સદસ્યોને આવકારી સન્માનીત કરેલ. ત્યારબાદ હેતની હવેલી ખાતે આવેલ ક્રિષ્ના બર્ડ પાર્કની મુલાકાતે આચાર્ય દેવવ્રતજી પહોચ્યા ત્યાં પક્ષીઓ સાથે આનંદ માણ્યો હતો. બાદ પ્રાકૃતિક ખેતીની જમીનમાંથી ઉત્પન્ન થયેલ શેરડીમાંથી બનતા ગોળ ના રબાડા (સીચોડાની) મુલાકાત લઈ મધથી મીઠા ગોળનો સ્વાદ માણ્યો હતો.

આ તકે રાજયપાલે હરિયાણામાં તેમની વિશાળ પ્રાકૃતિક ખેતીની જમીનના દ્રૃષ્ટાંતો આપી ઉપસ્થિત ખેડૂતોને વિગતવાર સમજણ આપી જણાવ્યું કે ખેડૂતભાઈઓની ગ્રંથી હોય છે કે વધુ રાસાયણીક ખાતર વાપરવાથી વધુ ઉત્પાદન મળે છે પરંતુ હકિકતમાં તેનાથી તદન વિપરીત થઈ રહ્યું છે. જો ખેડૂતો ઈમાનદારી પૂર્વક પ્રાકૃતિક કૃષિના પાંચ નિયમોનો વ્યસ્થિત રીતે અમલ કરે તો તેનું પરિણામ ચોકકસ મળશે. આગામી સમયમાં સારા સ્વાસ્થ્ય પ્રદ ખોરાક માટે પ્રાકૃતિક કૃષિ આધારિત રીતે ખેચી અપનાવી ખર્ચ ઘટાડવાને સાથે ઉત્પાદકતા વધે તે માટે ગૌ આધારિત ખેતી કરવા માટે સૌ કટિબધ્ધ થઈ તે માટે અનુરોધ કર્યો હતો. આ તકે પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા ઉપર ધનજીભાઈ ધોળકીય, જીલ્લા કલેકટર અજય દહીંયા એસ.પી. સંજય ખરાત, ડી.ડી.ઓ. પરિમલ પંડયા સહીત ધોળકીયા ફાઉન્ડેશનના કનક પટેલ સહીતના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહી ગોળનો મિઠો સ્વાદ માણ્યો હતો.

# રાજુલા : હોમગાર્ડ કર્મચારી નિવૃત્ત થતાં વિદાય સમારંભ યોજાયો



રાજુલા, તા. ૧૭

રાજુલા શહેરમાં છેલ્લા ૩૦ વર્ષથીહોમગાર્ડતરીકેફરજબજાવતાએવા અનિલભાઈ એ. દેસાઈ જેવો વય મર્યાદા ૫૫ વર્ષ પૂરા થતા સરકારના નીતિ નિયમ મુજબ તેમને નિવૃત્ત કરવામાં આવ્યા. ત્યારે નિવૃત્ત થતાં તેમનો સન્માન સમારંભ કાર્યક્રમ રાજુલા નગરપાલિકાની નીચે આવેલ હોમગાર્ડ કચેરી ખાતે યોજવામાં આવ્યો. આ નિવૃત્તિ સમારંભમાં ઢોલ–નગારા સાથે વાજતે ગાજતે જેમ લગ્નનો પ્રસંગ ઉજવવામાં આવે છે તેવી જ રીતે આ સમગ્રસ્ટાફદ્વારાપ્રસંગનેઉજવવામાંઆવ્યો અને માન સન્માન સાથે તેમને આજે નિવૃત્ત કરવામાં આવ્યા. ત્યારે આ પ્રસંગે હોમગાર્ડ કમાન્ડર્સ અજય ગોહીલ સહિત તમામ કર્મચારીઓ હાજર રહેલા અને તમામ લોકોએ તેમને પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી અને સ્વાગત કરેલું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અનિલભાઈ દેસાઈએ રાજુલામાં ૩૦ વર્ષ નોકરી તન, મન અને ખંતથી કરેલી અને જયાં પણ ફરજ આવે ત્યાં તેમણે પોતાની નીતિ નૈતિકતા દાખવી અને પોતાની ફરજ બજાવેલી. ત્યારે ફરજ દરમિયાન સમગ્ર સ્ટાફે સાથ અને સહકાર આપ્યો છે તેમજ સાથે સાથે હોમગાર્ડસ કમાન્ડર્સ અજયભાઈ ગોહિલનો પણ આભાર વ્યકત કરેલ અને અંતમાં તેમણે જણાવેલ કે હજુ પણ તંત્રની જયારે પણ જરૂર પડે ત્યારે હું સેવા આપવા તૈયાર છું આવું તેમણે અંતમાં જણાવેલ.

### પાલિકાનાં શાસકોની અણઆવડતનાં લીધે

# દામનગરનાં ખોડિયારનગરનાં રહેવાસીઓ અને ખેડૂતો માર્ગનાં અભાવે પરેશાન

## રેલ્વે વિભાગે મંજૂરી આપી છતાં માર્ગ બનતો નથી



દામનગર, તા. ૧૭

દામનગરમાં આવેલ ખોડિયારનગરનાં રહેવાસીઓ અને ૩૫ જેટલા ખેડૂતોને રેલ્વે ફાટક નજીક માર્ગની વ્યવસ્થા ન થવાથી પરેશાની ભોગવવી પડી રહી છે અને છતાં પાલિકાનાં શાસકો નગરજનોની વ્યાજબી પિડાને દૂર કરી શકતા ન હોય ધારાસભ્ય અને સાંસદ યોગ્ય મદદ કરે તેવી માંગ ઉભી થઈ છે.

### ૧૧ ગામોના ૨૮ જેટલા સ્ટ્રકચરના કામોને મળી મંજૂરી

# અમરેલી વિધાનસભા વિસ્તારમાં વિવિધ રસ્તાના સ્ટ્રકચરના કામો માટે ૧૩ કરોડ ૫૫ લાખ રૂપિયા મંજૂર

## વિવિધ ગામો માટે વિકાસના કામો લગાતાર મંજૂર કરાવતા કૌશિક વેકરિયા

અમરેલી, તા. ૧૭

અમરેલી વિધાનસભાના અમરેલી અને કુંકાવાવ તાલુકાના વિવિધ ગામોના રસ્તાના અલગ અલગ કામો જેવા કે, સ્લેબ ડ્રેઈન, પાઈપ કલ્વર્ટ અને કોઝવેના વિવિધ કામો મંજૂર કરાવવા માટે ધારાસભ્યએ માનનીય મુખ્યમંત્રીને આગ્રહપૂર્વક રજૂઆત કરી હતી. જેને માનનીય મુખ્યમંત્રી દ્વારા સ્વીકાર થતાં કુલ રૂપિયા ૧૩ કરોડ ૫૫ લાખ જેવી માતબર રકમના ૨૮ જેટલાં સ્ટ્રકચરના કામોને મંજૂરી મળી છે.

આ કામોમાં અમરેલી તાલુકાના ચાડિયા–લાપાળિયા રોડના લાપાળિયા, શંભુપુરા, કેરિયાચાડ, સાજિયાવદરને લાભકર્તા સ્લેબ ડ્રેઈન અને પાઈપ કલ્વર્ટના કામો માટે ૩ કરોડ ૫૦ લાખ, જાળિયા–કેરાળા–હડાળા રોડના જાળિયા, કેરાળા, હડાળા અને ખારી ખીજડિયા જેવા ગામોને લાભકર્તા પાઈપ કલ્વર્ટ અને સ્લેબ ડ્રેઈનના રૂપિયા ૬ કરોડ ૫૫ લાખના કામો તથા કુંકાવાવ તાલુકાના વાવડી ચોકી–લખાપાદર–ઈરિયા રોડના વાવડી રોડ, સનાળા, લખાપાદર, ઈરિયા અને ભાયાવદર જેવા ગામોને લાભકર્તા કોઝવેના કામ માટે રૂપિયા ૨ કરોડ ૮૦ લાખના કામને તથા અનીડા–ખજૂરી–મેઘા પીપળીયા રોડના સ્લેબ ડ્રેઈનના રૂપિયા ૭૦ લાખના કામને મંજૂરી મળેલ છે.

આમ અમરેલી અને કુંકાવાવ તાલુકાના કુલ ૧૧ ગામોના ૨૮ જેટલા કામો માટે રૂપિયા ૧૩ કરોડ ૫૫ લાખ જેવી માતબર રકમ મંજૂર થતા આગામી દિવસોમાં આ કામોનો આરંભ થશે. જેથી આ વિસ્તારની ગ્રામ્ય જનતાને એનો સીધો જ લાભ મળી રહેશે.

# રાજુલામાં સિકયુર હબ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૭

રાજુલા માં સિક્યોર હબ દ્વારા ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મહુવા / સાવરકુંડલા / રાજુલા સહીત કુલ ૧૨ જેટલી ટીમે ભાગ લીધો હતો.

ફાઈનલ મેચ મહુવાની ટીમ એકતા ઈલેવન અને રાજુલાની ટીમ ફ્રેન્ડ્સ ઈલેવન દ્વારા રમાઈ હતી, જેમા મહુવાની ટીમ નો વિજય થયો હતો.

વિજયી ટીમ ને ટ્રોફી તેમજ રોકડ રકમ તેમજ રનરઅપ ટીમ ને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ તકે સિક્યુર હબ ના ઓનર હિતેષભાઈ પરમાર તેમજ દિપભાઈ ધાખડા, જયદીપભાઈ ધાખડા, લાલભાઈ પટાટ, રામભાઈ વાઘ, સાગરભાઈ ચૌહાણ, જનકભાઈ પાટડીયા, ઈમરાનભાઈ ઝાખરા, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર ટુર્નામેન્ટનું સંચાલન અફજલભાઈ કુરેશી તેમજ પ્રતાપભાઈ ધાખડા, તેમજ રાજેશભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

### તાલીમ, શિક્ષણ, શ્વેતક્રાંતિ વિકાસને કાર્યક્ષમ બનાવવા

# એનસીયુઆઈ દતોપંત ઠેંગડી વર્કસ એજયુકેશન એન્ડ ડેવલપમેન્ટ નેશનલ બોર્ડ સાથે એમઓયુ

## એનસીયુઆઈનાં અધ્યક્ષ દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧૭

સંયુકત રાષ્ટ્ર દ્વારા વર્ષ–૨૦૨૫ને "આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ" તરીકે ઘોષિત કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિવિધ સહકારી પ્રવૃત્તિઓ સેમીનારો, અધિવેશ, મેળાવડાઓ અને પરિસંવાદ દેશમાં ચાલી રહેલ છે. જેમાં ઓર્ગેનિક ખેત પધ્ધતિ, પશુપાલન, ઉત્પાદન, આંત્તરરાષ્ટ્રિય સહકારી પ્રવૃત્તિ અને તાલીમ–શિક્ષણને બળવતર બનાવવા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.

જે અંતર્ગત આજરોજ એનસીયુઆઈ–ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને એનસીયુઆઈ અને દતોપંત ઠેંગડી નેશનલબોર્ડફોર વર્કસ એજયુકેશન એન્ડ ડેવલપમેન્ટ સમગ્ર ભારતમાં એક સંયુકત પ્લેટફોર્મ પર સાથે મળીને કામ કરશે. જયાં કામદારોની તાલીમ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સામુહિક રીતે વર્કશોપનું આયોજન કરવામાં આવશે.

દતોપંત ઠેંગડી, વર્ગનિંગ બોર્ડ ઓફ લેબર એજયુકેશન એન્ડ ડેવલપમેન્ટ નેશનલ બોર્ડની ગર્વનિંગ બોડીનાં ચેરમેન બ્રિજેશ ઉપાધ્યાય, ડાયરેકટ જનરલ કર્નલ નિરજ શર્મા, ડેપ્યુટી ડાયરેકટર (શિક્ષણ) કર્નલ સિંહ અને એનસીયુઆઈનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૧૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.


કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦













ન ભુતો.. ન ભવિષ્યતી.. આપના સપનાનું ઘર વસાવવાની સુવર્ણ તક..

શ્રીજી નગર – ૧



સ્થળ : લાઠી રોડ, ધરમનગર પાછળ, શિવમ્ રેસીડેન્સીની બાજુમાં, અમરેલી

■ દરેક બાથરૂમમાં નળ તેમજ સાવર ■ દરેક રૂમ તેમજ હોલમાં પી.ઓ.પી. લાઇટ તેમજ તમામ પ્રકારનું લાઇટીંગ
■ ૩ બેડ રૂમ, હોલ, કિચન વાળુ મકાન ■ મજબુત બાંધકામ
■ સ્ટાન્ડર્ડ કવોલીટીનાં ઓઇલ પેન્ટ ■ ગટર કનેકશન
■ સ્વતંત્ર પાણી દાર તેમજ નગરપાલિકા દ્વારા પાણી સુવિધા ■ ગેસ પાઇપલાઇન
■ મોટી વિશાળ કાર પાર્કિંગ સુવિધા ■ ૫ મીટર પહોળાઇ તેમજ ૧૬ મીટર ઉંડાઇ
■ આગળ ૩૦ મીટર પહોળા પાકા સીમેન્ટ રોડ ■ ગેઇટ વાળી સોસાયટી
■ ગરમ પાણીનું સોલાર સાથે ■ સંપુર્ણ હવા ઉજાસ સાથે... તો આજે જ જોવા પધારો...

: સંપર્ક :
અપ્પુભાઇ : ૭૦૧૯૮ ૫૩૭૪૦
જયમલભાઇ : ૯૯૦૪૦ ૬૧૫૯૬
વિમલભાઇ : ૯૮૨૪૯ ૯૩૨૭૭

# આદર્શ દંપતી

જયારે પતિપત્ની એકબીજા સાથે પ્રેમથી હળીમળીને રહે છે ત્યારે ઘર સ્વર્ગ બની જાય છે. પછી સર્વત્ર આનંદ વ્યાપી જાય છે, ભલે પછી પરિસ્થિતિઓ ગમે તેટલી વિષમકેમન હોય.

મેરી અને ટોમસનું દાંપત્યજીવન અનંત પ્રેમથી ભરપૂર હતું. તેઓ દર વર્ષે તેમનો લગ્નદિવસ ઊજવતાં અને એકબીજાને ભેટ આપતાં. ગરીબીના કારણે તેઓ મોંઘી ભેટ લાવી શકતાં નહિ.

ટોમસે પત્નીના સુંદર સોનેરી વાળમાં નાખવા માટે એક સરસ હેરપિન ખરીદવાનો વિચાર કર્યો. મેરીએ વિચાર્યુ કે મારા પતિ માટે હું ઘડિયાળની એક સરસ ચેઈન ખરીદીશ. બંનેના મનમાં ઈચ્છા હતી, પરંતુ પૈસાની વ્યવસ્થા થઈ શકતી નહોતી. લગ્નદિવસ સાવ નજીક આવ્યો.

ટોમસ ઘડિયાળની દુકાને ગયો અને પોતાની ઘડિયાળ વેચીને મેરી માટે એક સુંદર હેરપિન ખરીદી લાવ્યો. તે ખુબ ખુશ હતો.

પણ બિચારી મેરી કયાંથી પૈસા લાવે ? તે બ્યુટીપાર્લરમાં ગઈ અને પોતાના સુંદર સોનેરી વાળ કપાવીને વેચી દીધા. એ પૈસાથી તે ટોમસની ઘડિયાળ માટે ચેઈન ખરીદી લાવી. ખબર ના પડે તે માટે તેણે માથે હેટ પહેરી લીધી.

બંને એકબીજાને ભેટ આપવા ગયાં. ટોમસે મેરીના ઝુલ્ફાંમાં હેરપિન નાખવા માટે હેટ હઠાવ્યો તો વાળ ગાયબ. મેરીએ

વિવેકનો આશ્રય
સચિત્ર બાળવાર્તાઓ
પ્રકાશક : યુગનિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

એકબીજાને પૂછતાં વસ્તુસ્થિતિની ખબર પડી. બંનેની આંખમાં પ્રેમનાં



આંસુ આવી ગયાં. ભલે બંનેની ભેટો નકામી પડી રહી, પરંતુ તેઓ દિલથી એકબીજા વધારે નજીક આવ્યાં. આ રીતે ઉજવાયો તેમનો લગ્નદિવસ.

પરસ્પરના પ્રેમ અને સહકારથી ભરેલું કુટુંબ જ આ ધરતી પરનું સ્વર્ગ છે.

# વજકોટમાં છીંડું

આફ્રિકાથી પાછા ફર્યા પછી અમદાવાદમાં પોતાના મિત્ર

મારા ગાંધીબાપુ
ઉમાશંકર જોશી
સંપા. મહેન્દ્ર મેઘાણી

બેરિસ્ટર જીવણલાલને ત્યાં ગાંધીજી ઊતર્યા હતા. અમદાવાદમાં જ આશ્રય સ્થાપવાનો વિચાર મનમાં ઘોળાતો હતો. દેશસેવાની લડાઈનું સ્વરૂપ હજી મનમાં સ્પષ્ટ ઊપસ્યું ન હતું.

એક સાંજે જીવણલાલ ઘેર આવીને હસતા હસતા કહે : ગાંધી, તમારી તો કીર્તિ ચારે કોર પ્રસરવા માંડી !

પછી એમણે માંડીને વાત કરી : આજે મારા એક વકીલ મિત્ર મળ્યા. એલિસપુલ ઉપર ચાલતા ચાલતા આવતા હતા. આગળ બે જણા વાતો કરે. તેમાં એક હતો આપણો રસોઈયો. એ એના ભાઈબંધને કહે, અમારે ત્યાં એક આવ્યો છે કોઈક આફ્રિકાથી. દશબાર કેળાં એને નાસ્તામાં જોઈએ. આખો દિવસ બેસી રહે છે. કહે છે કે બેરિસ્ટર છે. પણ કશું જ કામ કરતો નથ...લો, જોયું ને ગાંધી, અમે તો તમારી આબરૂ વધારવા માંડી !અને બેરિસ્ટર મિત્ર સરળ ભાવે ખડખડાટ હસી રહ્યા. ગાંધી પણ એમાં ભળ્યા.

પણ પછી એકદમ ગંભીર થઈને કહે : એની વાત એક રીતે સાચી છે, હું કશું જ કામ કરતો નથી. પણ આ દિવસોમાં ક્ષણેક્ષણ હું શું કરી રહ્યો છું એ કહું ? જેમ કોઈ સેનાપતિ દુશ્મનના કોટ–કિલ્લાની સામે ઊભો ઊભો નિરંતર એ ચિંતવન કરી રહે કે આમાંથી કઈ કાંકરી ખેરવું, કયો પથ્થર ખેસવું તો ગાબડું પડે અને અંદર આખું લશ્કરનું લશ્કર ઘુસાડી દઉં – એમ હું પણ લગાતાર એ જ એક વાત ચિંતવી રહ્યો છું કે આ બ્રિટિશ સલ્તનતની સત્તાના વજકોટમાં કયાં છીંડું પાડું.અને થોડા સમય પછી એલિસપુલ પાસેના જીવણલાલ બેરિસ્ટરે આપેલ એમના મકાનમાં ગાંધીજીએ આશ્રમ શરૂ કર્યો.

# આ ફળો વિશે જાણો છો ?

ગટુ નિશાળેથી ઘરે આવ્યો. સીધો ગયો દાદી પાસે. દાદીને કહે, “જેમાં



બહુ બધા બિયાં હોય એવું ફળ કયું હોય ?”


દાદી કહે, “જા.... રસોડામાં જઈને જોઈ લ.”ગટુ દોડયો રસોડામાં. રસોડામાં તો તરબૂચ. ગટુભાઈ તો ખુશ ખુશ..! પણ વળી કશો વિચાર આવતા એ તો નિરાશ થઈ ગયો. દાદીમા સમજી ગયાં કે કાંઈક ગરબડ છે.“કેમ બેટા, શું થયું ?” દાદીએ પૂછયું.“જેમાં બહુ બધા બિયાં હોય એવા પાંચ ફળ વિશે મને કહો. મારે કાલે કલાસમાં બોલવાનું છે.” દાદીએ મોબાઈલ હાથમાં લીધો. ગટુને જુદા જુદા ફળનાં ચિત્રો બતાવ્યાં. એના વિશે સમજ આપી.ગટુને લેસન આવડી ગયું. ગટુનું મોંઢું મલક મલક.ગટુ બીજે દિવસે વહેલો ઊઠયો. વર્ગમાં બોલવાની તૈયારી કરી. ગટુ તો મોજથી કલાસમાં ગયો. દીવાલ ઉપર જુદાં – જુદાં ચિત્રો દોરેલા હતાં. ગટુએ પહેલો તરબૂચના ચિત્ર પર લાકડી મૂકી. જુઓ આ છે તરબૂચ. આ ઉનાળાનું ફળ છે. તેનો આકાર લંબગોળ છે. તેનો રંગ લીલો હોય છે તે અંદરથી લાલ રંગનું છે. તે વેલા ઉપર ઊગે છે.પછી ગટુએ ટેટી બતાવી. જુઓ આ છે સકકરટેટી. આ પણ ઉનાળાનું ફળ છે. તેનો આકાર ગોળ છે. તેનો રંગ આછો પીળો છે. તે વેલા ઉપર ઊગે છે.ત્રીજું ચિત્ર ગટુએ પપૈયાનું બતાવ્યું. આ છે પપૈયું. તેનો આકાર લંબગોળ છે. પાકેલાં પપૈયાનો રંગ પીળો હોય છે. કાચા પપૈયાનો રંગ લીલો હોય છે. તેને કાચું પણ ખવાય છે તે ઝાડ પર ઊગે છે.હવે ગટુએ દાડમ ઉપર લાકડી મૂકી. આ છે દાડમ. એનો આકાર ગોળ છે. એનો રંગ લાલ હોય છે. દાડમના ઝાડને દાડમડી કહે છે.એ પછી ગટુએ સીતાફળ ઉપર લાકડી મૂકી. આ છે સીતાફળ. એન આકાર ગોળ છે. આ શિયાળાનું ફળ છે. તેનો રંગ બહારથી કાળો હોય છે. તે અંદરથી સફેદ હોય છે. તેના ઝાડને સીતાફળી કહે છે. આખા વર્ગના બાળકોએ ગટુ માટે તાળીઓ પાડી. આ પાંચે પાંચ ફળોની અંદર ખૂબ બિયાં હોય છે. તમને ખબર છે......?! લીંબુ, મોસંબી, નારંગી, જામફળ, કીવી, સફરજન.... એ બધાં ફળોની અંદર પણ એક કરતાં વધારે બિયાં હોય છે.ટીચરે ગટુને શાબાશી આપી. ગટુભાઈ તો ખુશ ખુશ. ગટુના દોસ્તો પણ ખુશ ખુશ. દાદીમા પણ ખુશ ખુશ.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી

# જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. માનવ શરીર પામ્યા છતાં મનુષ્ય વિષયો પાછળ લાગી રહે છે, તે મનુષ્ય તો અમૃત આપી તેના બદલામાં વિષ લઈ રહ્યો છે.

૨. મનુષ્ય ઘરડો થાય પણ આશા તૃષ્ણા ઘરડી થતી નથી. વિષયો ભોગવવાથી કામવાસના કદાપી પણ શાંત થતી નથી. પરંતુ અગ્નિમાં ઘીની આહુતિ આપવાથી તે જેમ વધારે ઉગ્ર બને છે તેવી રીતે ભોગ ભોગવવાથી ભોગવાસના અધિકાધિક વધે છે. ભોગો ભોગવાતા નથી પણ ઉલટા આપણે ભોગવાઈ જઈએ છીએ. તૃષ્ણા જીર્ણ થતી નથી, આપણે જીર્ણ થઈ જઈએ છીએ. **(સ્કંદ દસમો)**

૩. કથા તમને તમારા દોષનું ભાન કરાવે છે. કથાં સાંભળ્યા પછી મનુષ્ય રડે તો માનજો તેણે કથા સાંભળી.

૪. પતિપત્ની પ્રેમ કરે પણ એકબીજાના શરીરમાં આસકિત ન રાખે. આજકાલ પ્રેમ શબ્દને લોકો એ કલંકિત કર્યો છે. જયાં વિકાર અને વાસના હોય ત્યાં પ્રેમ નથી, તેને મોહ કહે છે.

૫. યોગીને કોઈ દિવસ રોગ થાય નહીં અને જે યોગીને રોગ થાય તેના યોગમાં ભૂલ થઈ હોવી જોઈએ.

૬. ચિંતન કરવું હોય તો આ કૃષ્ણલીલાનું ચિંતન કરો. આંખ ઉઘાડી હોય અને સમાધિ લાગે એ સમાધિ સાચી.

૭. જ્ઞાની પુરૂષો મરણ ટાળવાનો પ્રયત્ન કરતા નથી. મરણ સુધારવાનો પ્રયત્ન કરે છે.

૮. સર્વને યશ આપો અને અપયશ તમારા માથે રાખો તો ઠાકોરજી પ્રસન્ન થશે. જીવ એવો દુષ્ટ છે કે, પોતાને માટે યશ રાખે અને અપયશ બીજાને માથે રાખે છે.

૯. વાણી, વિચાર, વર્તન. સદાચારથી જે સર્વને આપે, તેને ત્યાં ભગવાન આવે છે.

૧૦. જ્ઞાન માર્ગમાં ઘણા વિઘ્નો છે. અગિયાર ઈન્દ્રિયો જયારે ધ્યાનમાં એકાગ્ર થાય, ત્યારે સાક્ષાત્કાર થાય છે.

# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) ભારતમાં સૌથી વધારે જિલ્લા કયા રાજયમાં આવેલ છે ? – ઉત્તરપ્રદેશ

(૨) ઈન્ડિય ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ કયાં આવેલ છે ? – દહેરાદુન

(૩) ‘વીરભૂમિ’ કોની સમાધિ છે ? – રાજીવગાંધી

(૪) ભારતનો ઊંચામાં ઊંચો દરવાજો કયો છે ? – બુલંદ દરવાજો

(૫) ભારતમાં સોનાની ખાણ કયા આવેલી છે ? – કોલારમાં

(૬) બિહારની કઈ નદીને ‘શોકની નદી’ કહે છે ? – કોશી

(૭) સહયાદ્રિ પર્વત ભારતના કયા રાજયમાં છે ? – મહારાષ્ટ્ર

(૮) આગાખાન મહેલ કયા આવેલ છે ? – પૂણે

(૯) સૌથી વધુ કાજૂનો પાક કયા રાજયમાં લેવાય છે ? – કેરળ

(૧૦) તમાકુનું સૌથી વધારે ઉત્પાદન કયા રાજયમાં થાય છે ? – આંધ્રપ્રદેશ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## મહાન ઉપદેશકો

વૃક્ષો મૂંગા મૂંગા ઊગે, વિકસે, ફળો આપે છે. નદી શાંત રીતે વહ્યા કરે અને તરસ્યા સૌને પાણી આપે છે. પહાડો મૌન રહી ખનીજ તત્ત્વો આપ્યા કરે છે. આકાશ શાંત રહી, યોગ્ય સમયે, પવન–પાણી–પ્રકાશ આપતું રહે છે.જયારે માનવી બોલ બોલ કર્યા જ કરે છે, આપતો કંઈ નથી અને એકધારૂં મેળવ્યા જ કરે છે! વાચાળ કર્મહીનતા કરતાં મૂંગી સેવા સાધના ઉત્તમ ન ગણાય ?પર્વત પાસેથી અડગતા, સરિતા પાસેથી સમર્પણ, વૃક્ષો પાસેથી ત્યાગ, આકાશ પાસેથી વિશાળતા – નિખાલસતા અને સૂર્ય પાસેથી ઉજજવળતા શીખવા જોઈએ. એ મૂંગા છતાં મહાન ઉપદેશકો છે.

## પ્રયોગ – ૨૫
## સ્પિગ્ર કાંટો

**હેતુ :** આપેલ ઘન પદાર્થનું વજન શોધવું.

**સાધન :** આધાર, હૂક, સ્પિગકાંટો, થેલી.

**પદાર્થો :** માટી,

પધ્ધતિ : એક સ્પિગ્ર કાટો લો. તેને આધાર સાથે લટકાવો. અંકિત પટ્ટી પર દર્શક શૂન્ય (૦) પર છે, કે નહિ તેની ખાતરી કરો. માટી ભરેલી થેલી સ્પિગ્ર કાટા પર લટકાવો. દર્શન નીચે આવશે.


અવલોકન : દર્શક જે આંક બતાવે તે નોંધી લો.

તારણ : તે ભરેલી થેલીનું વજન દર્શાવે છે.

ફેન્કહેન્ડલ

ભારે વસ્તુઓને ઊંચે ઉપાડવા માટે ધરી વત્તા ગરગડીની રચનાનો પહેલો ઉપયોગ ૯મી સદીમાં થયો. ઊંચી દિવાલોના ચણતર માટે આ રચનાનો ઉપયોગ થતો. ૧૪મી સદી સુધીમાં તો ફ્રેન્ક હેન્ડલ સર્વત્ર વપરાવા લાગ્યાં. આગળ જતાં એની અંદરથી કમ્પાઉન્ડ ફ્રેન્ક અને ફ્રેન્ક શાફટનો વિકાસ થયો.

પ્રયોગની પાંખે
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવંત પારેખ




# ટાપુની શોધમાં

“હવે આપણે ભોજનની વ્યવસ્થા કરીએ.” સુજલે નાળિયેરીના લુમખાથી લચી પડેલ એક વૃક્ષ તરફ નજર દોડાવતાં કહ્યું, અને પછી તેની ઉપર સડસડાટ ચઢીને એક પછી એક નાળિયેર નીચે આવેલ ભીની રેતીના પટ પર ફેંકવા લાગ્યો. અડધો ડઝન તોતીંગ નાળિયેરો તોડીને એ નીચે ઉતર્યો ત્યાં સુધીમાં મેં તેમને એકઠાં કરી થેલીમાં ભરી દીધાં.ઝરમર વરસતી વર્ષામાં ટહેલતા અમે મેદાનને બીજે છેડે આવેલી વનરાજી નજીકના એક મહાકાય વૃક્ષ પાસે પહોંચ્યા અને તેની નીચે જ ધામો નાખ્યો. આસપાસ પથરાયેલ ભીના પાસમાંથી જડી આવેલ પથ્થરની મદદથી સુજલે નાળિયેરો ભાંગવાનું શરૂ કર્યુ. જોતજોતાંમાં બંને જણા ત્રણ ત્રણ નાળિયેરોનાં મીઠાં પાણી અને મલાઈ ઝાપટી ગયા.આખરી નાળિયેરને ન્યાય આપ્યા બાદ ઝાડીમાં ફગાવી મેં વૃક્ષનો ટેકો લેતાં પગ લંબાવ્યા. ભીના ઘાસમાં ઉપરથી ટપકતાં કોરાને કારણે અહીં ઊંઘવાનું તો શકય નહોતું, પણ આરામથી બેસવા માટે પૂરતી સવલત હતી.સામે આવેલ પાસેના

સુજલની સાહસકથા
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

એક ઝાડ નીચે આસન જમાવતાં સુજલ બોલ્યો : “આજની રાત આપણે આમ બેઠાંબેઠાં જ ગાળવી પડશે. છતાં પેલી ટેકરીની સરખામણીમાં આ સ્થળ ખોટું નથી. વળી કાલે વહેલી સવારે અહીંથી નીકળીશું તો લન્ચટાઈમ પહેલા માયાબંદર પહોંચી જવાશે.”“તો પછી અત્યારથી જ હું તમને લન્ચનું નિમંત્રણ આપી દઉં.”“આભાર, પણ મારે પોર્ટબ્લેર પહોંચવાનું છે.” પોર્ટબ્લેર માટે તો હવે છેક આવતા શનિવારે લોન્ચ મળશે – ત્યાં સુધી મને મહેમાનગતિનો લાભ...”


“મને લોન્ચની જરૂર નહિ પડે,” સુજલે મારી વાત કાપતાં જણાવ્યું.

“માફ કરજો,” મેં કહ્યું, “પણ હું સમજયો નહિ.”“અને સમજશો તો માનશો પણ નહિ,” સુજલ બોલ્યો : “ટૂંકમાં કહું તો મારૂ આંદામાનનું અભિયાન પૂરૂ થઈ ગયું.”“તમને વાંધો ન હોય તો ટૂંકમાંને બદલે વિસ્તારથી કહો. આપણી પાસે હજુ આખી રાત બાકી છે.”કયાંય સુધી વિચારમાં લીન રહ્યા બાદ એકાએક સુજલ બોલી ઊઠયો: “ઠીક છે. મારો રાઝ છતો કરી દિલ હલકું કરવાની ઈચ્છા મને અનેકવાર થઈ આવે છે. વળી આપણા અત્યારના સંજોગો જોતાં તમને કહેવામાં કશું જોખમ પણ નથી!”

આ વિચિત્ર જણાતી પ્રસ્તાવના બાદ સુજલે જે અદ્ભુત વૃતાંત મને સંભળાવ્યો એ ખુદ તેના જ શબ્દોમાં જેવું મને – યાદ છે તેવું તમારી સમક્ષ હાજર છે.

# બંટીનું બખડજંતર

બંટી મામાના ઘેર નાતાલની રજામાં બે દિવસ મજા



કરવા આવ્યો હતો.મામાનું ઘર એટલે મોજ, મજા અને મસ્તીની હેટ્રિક. મામી રસોડામાં બંટીને ભાવતી મસાલાની મેગી બનાવવામાં લાગી ગયાં હતાં. મામા ઓફિસની ફાઈલનાં કાગળોને ક્રમબદ્ધ કરી રહ્યા હતા.ડિસેમ્બર એન્ડિગ હોવાથી ઓફિસનું કામ ઘેર લાવતા.ઘરની પાળેલી મુન્ની માસી આખા ઘરમાં આંટા મારી રસોડામાં કંઈક પારણાં થશે એવા ચોકકસ ભરોસા સાથે પધારી ગુપચુપ ઊભી રહી.અચાનક વાવાઝોડાની જેમ બંટી દોરીમાં બાંધેલો એક મીકી માઉસ લઈને મુન્ની માસથી બે ફૂટ દૂર ઉભો રહી બોલ્યો. મુન્ની માશી, ના જશો મથુરા ને કાશી લો, તમને બ્રેકફાસ્ટ કરાવું, ના જશો નાસી ! મુન્ની માસી ઠાવકાં થઈ બેસી રહ્યાં. પણ મામી તો બંટીડાનો ઉંદર જો બી ગયાં. બારણે ફાઈલ લઈ ઊભેલા મામા બંટીનું પરાક્રમ જોઈ ડઘાઈ ગયા. શું થાય! ત્યાં તો મુન્ની માસી બોલ્યાં, “બંટી ભૈયા, મારે આજ અગિયારશ છે. છી... છી... આ ના ચાલે, શાકાહારી છું હં આજે ભારતના તાલે ત્યાં તો બંટી બોલ્યો...”

એ મુન્ની.... એ મામી... તમે બધાં સમયે એને મીકી માઉસ અરે! આ તો રમકડું માળિયાનું હે ! કેવું ગભરાયું આખ્ખું હાઉસ!

# સંધિવા

કારણ : અતિ ઉજાગરા કે અજીર્ણથી, વધુ પડતા ઠંડા પદાર્થોનાં સેવનથી, ઘી કે તેલ વગરના લૂખા આહારથી, વિરૂધ્ધ આહારના લીધે રકતવિકાર થવાથી, તેમજ લોહીમાં ખટાશ (યુરીકએસિડ) વધી જવાથી સંધિવાનું દર્દ થાય છે.

૧. કલથીની રાબ રોજ સવારે પીવાથી, પરેસવો અને પેશાબ વાટે સંધિવા થવાનું મૂળ કારણ રકતવિકાર દૂર થતાં સંધિવા મટે છે.

૨. નગોડનો રસ એક તોલો અને દિવેલ અર્ધો તોલો મેળવી પીવાથી સંધિવા મટે છે. આ પ્રયોગ બે–ત્રણ માસ શરૂ રાખવો જોઈએ.

૩. સાટોડીનું ચૂર્ણ નિયમિત રીતે સવાર–સાંજ એક એક તોલો પાણી સાથે લેવાથી ગમે તેવું સંધિવાનું દર્દ દૂર થાય છે.

૪. રાસ્ના, ગરમાળાનો ગોળ, દેવદાર, ગોખરૂ, કઠ, સાટોડી, સૂંઠ અને હરડે આ આઠ ઔષધો સમાન ભાગે લાવી, એક સાથે આખાં–પાકાં ખાંડી, વિધિવત કવાથ બનાવી રોજ સવારે નરણાં પીવાથી સાંધા છૂટી જાય છે, સોજો દૂર થાય છે, અને કબજિયાત મટે છે.

સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દો પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ



સંધિવા માટે આ કવાથ ખૂબ જ અસરકારક છે.

(૭૩) સંગ્રહણી : કારણ : સંગ્રહણીએ પાચનતંત્રનો રોગ છે. વધુ પડતા ખારા, ખાટા, તીખા પદાર્થોના સેવનથી, ઉજાગરાથી, અનિયમિત ભોજનથી, તેમજ અંકરાતિયાની માફક ભોજન કરવાથી જઠરાગ્નિ મંદ થાય છે. આમ જઠરાગ્નિનું મંદ થવું એ જ સંગ્રહણીનું કારણ છે.

૧. સંગ્રહણીના દર્દીએ આહારમાં માત્ર સૂંઠનું ચૂર્ણ નાખેલી છાશ જ પીવી.

૨. હિંગ, સિંધવ, અને જીરૂ સમાન ભાગે લઈ, વસ્ત્રગાળ ચૂર્ણ કરી, આ ચૂર્ણ એક એક ચમચી મોળા દહીંમાં લેવાથી સંગ્રહણી મટે છે.

૩. તમાલપત્ર, તજ, પીપરીમૂળ, અજમા, એલચી, નાગકેસર, લીંડીપીપર, ધાવડીનાંફૂલ, વાળો, સૂંઠ અને સૂકી આંબલી દરેક ઔષધ એક એક તોલો અને સાકર દસ તોલા લઈ આ બધાં દ્રવ્યોનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, રોજ સવારે તથા સાંજે, એક એક તોલો આ ચૂર્ણ પાણી સાથે લેવું. ઉપર બકરીનું દૂધ પીવું. આથી સંગ્રહણીનું દર્દ ચોક્કસ મટે છે.

૪. અર્ધો ગ્લાસ ચોખાના ધોવડામણમાં, અર્ધો ગ્લાસ છાશ મેળવી, આ મિશ્રણમાં અર્ધી ચમચી કાળી મૂસળીનું ચૂર્ણ મેળવી સવાર–સાંજ પીવાથી સંગ્રહણી મટે છે. પ્રયોગ એક માસ શરૂ રાખવો જોઈએ.


# આ મારું ચિત્ર છે



કાદેવાડિયા હેમાંશી બી.
(ધોરણ–૭, અંટાળિયા પ્રા.શાળા)




મકવાણા આર્ય રજનીકાંન્તભાઈ
(ધોરણ – ૩, રૂપાયતન પ્રા.શાળા)



ગોહિલ શિવમ
(ધો.૪/એ, રૂપાયતન પ્રા. શાળા)




સોલંકી યુગ મહેશભાઈ
(ધોરણ –૩, શ્રી રૂપાયતન પ્રા.શાળા)

# સાવરકુંડલા ખાતે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન પર્વ ચતુર્દશી મહોત્સવ યોજાયો










દાયકાની સાર્થક સેવાનો સંતોષ, સો વર્ષની સેવાનો સંકલ્પ સાથે સાવરકુંડલા ખાતે શિક્ષણ, સાહિત્ય અને સેવાના ત્રિસત્યને સમર્પિત શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ બુધવાર અને ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ ગુરૂવારના દિવસે નાટયપર્વ, સેવાભૂમિ પૂજનપર્વ અને સાહિત્ય–શિક્ષણ સન્માન પર્વરૂપે 'પર્વચતુર્દશી' કાર્યક્રમ સંપન્ન થયો. તદ્દન નિઃશુલ્ક હોસ્પિટલ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નિમિત્તે આરોગ્યના સેવાયજ્ઞને સંતોષદાયી રીતે એક દાયકો પૂર્ણ થતાં. દસ વર્ષની સેવાના સંતોષને સો વર્ષની સેવાનાં સંકલ્પ સુધી વિસ્તારવાના ઉદેશ સાથે સેવા સંકલ્પ વર્ષની ઉજવણી નિમિત્તે આ આરોગ્ય મંદિરમાં સ્પેશિયલ કાર્ડિયાક અને ન્યુરોલોજીકલ સારવાર તેમજ યુવતીઓ માટે નિઃશુલ્ક નર્સિંગ કોલેજ માટે સુસજ્જ નિર્માણાધિન બિલ્ડિંગ 'વિાસ'નું ગતરોજ પ. પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે દાતા અને લબ્ધપ્રતિષ્ઠ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ. ભૂમિપૂજન પૂ. મોરારિબાપુના વરદ હસ્તે સંપન્ન થયું. તારીખ ૧૫ના રોજ યોજાયેલ નાટય પર્વ પણ ખૂબજ સફળ રહ્યું. ગતરોજ સાંજના પાંચ પછી પરમ પૂજય મોરારીબાપુના સાંનિધ્યમાં અહીં જે.વી. મોદી હાઈસ્કૂલનાં વિશાળ ગ્રાઉન્ડમાં સાહિત્ય શિક્ષણ સંગીત પર્વમાં નવોદિત યુવા હસ્તીઓને સન્માનિત કરી એવોર્ડ વિતરણ કરવાનો સમારોહ પણ યોજાયો. સાવરકુંડલા તેમજ અન્ય શહેરો તેમજ દેશોમાંથી આવેલ મહેમાનોની ઉપસ્થિતિમાં આ સમારોહ ભવ્યાતિભવ્ય રીતે યોજાયો. ખાસ નોંધનીય બાબત એ રહી કે સાવરકુંડલા શહેરમાં વિશ્વાસ નામની અદ્યતન બિલ્ડિંગ પણ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના કેમ્પસમાં નિર્માણ થશે. તેમાં લાયબ્રેરી તેમજ સુવિધાસભર હાઈટેક ઈ–લાયબ્રેરીનું પણ નિર્માણ થશે. જેમાં સાવરકુંડલાના જ દોશી, સંઘવી, ગાંધી તેમજ સિયારામ સિલ્ક પરિવારના આર્થિક સહયોગથી આ વિશ્વાસ નામના બિલ્ડિંગનું નિર્માણ થશે. આ બિલ્ડિંગનું ૫૫૦૦૦ ચો. ફૂટમાં વિશાળ ઈમારત ઉભી થશે જેમાં કાર્ડિયોલોજી વિભાગના દાતા વિમલ યાત્રા પરિવાર, વિલે પાર્લે દોશી પરિવાર, પીડિયાટ્રિક વિભાગના દાતા એન. એસ.પી. કન્સ્ટ્રકશન સંઘવી પરિવાર વિલે પાર્લે, ન્યૂરોલોજી વિભાગના દાતા સિયારામ સિલ્ક મીલ લિમિટેડ મુંબઈ અને નર્સિંગ કોલેજના દાતા પન્ના નાયક અને નટવર ગાંધી યુ.એસ.એ. વગરે છે. ખાતમુહૂર્ત પહેલાં પૂ. મોરારીબાપુએ હોસ્પિટલના વિવિધ વિભાગોની પણ મુલાકાત લઈને દર્દીઓના હાલચાલ પણ પૂછયા હતાં. જે.વી. મોદી હાઈસ્કૂલ ખાતે યોજાયેલા સમારોહમાં વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ મહેતાની હિપોપોટિક સ્પીચ દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. તો સંસ્થાના મંત્રી દિવ્યકાંતભાઈ સૂચક દ્વારા નિર્માણ થનાર મેડિકલ ડિપાર્ટમેન્ટની તથા સાંપ્રત હોસ્પિટલના પ્રારંભકાળ સાથે સતત પ્રગતિ કરતા અભિયાનની વિશદ છણાવટ કરી હતી. આ પ્રસંગે નિર્માણ થનાર બિલ્ડિંગની પણ ઉપસ્થિત તમામને સંપૂર્ણ માહિતી પ્રદાન કરવામાં આવી હતી. આ પ્રસંગે ભદ્રાયું વચ્છરાજાનીની નવીન વ્યંજન સમી ગુજલીશ કવિતાએ પણ ખાસી દિલચસ્પ જમાવટ કરી હતી. અંતમાં પ.પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે આ સંસ્થાની આર્થિક સહયોગ હેતુ એક કથા અને એ પણ અમેરિકામાં યોજવાનું નિવેદન કરી સંસ્થાના આર્થિક સ્થિતિ વધુ મજબૂત બને એવા આશય સાથે પોતે આશીર્વાદ આપ્યા હતા. આ ઈમારત પૂર્ણ થતાં એક મલ્ટી કોર્પોરેટ જેવી સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલમાં પરિવર્તિત થશે અને આ તમામ સેવા નિઃશુલ્ક પ્રદાન થશે. શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયા તથા સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ મહેતા અને મંત્રી દિવ્યકાંતભાઈ સૂચક, સહ મંત્રી ભરતભાઈ જોષીના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરાનાં તાપડીયા આશ્રમ ખાતે

સંતોના સામૈયા, સાંજે ૫ કલાકે ધર્મસભા અને સાંજે ૬ કલાકે ભોજન પ્રસાદનું આયજન કરવામાં આવેલ છે.

આ તકે પૂ. મણીરામબાપા, પૂ. સીતારામબાપુ, પૂ. રામમનોહરદાસ બાપુ, પૂફ ગોપાલદાસબાપુ, પૂ. અવધ બિહારીદાસબાપુ સહિતનાં સંતો, મહંતો પણ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે પરિવાર સાથે હાજરી આપવા માટે પૂજય ઘનશ્યામદાસબાપુ અને પૂજારી નાનારામભાઈ કુબાવતે આમંત્રણ પાઠવેલ છે.

તાલુકા મંડળના પ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારી, બાબરા–અમરાપરા યુવા પાંખ પ્રમુખ જનકભાઈ અગ્રાવત, જિલ્લા ટ્રસ્ટી ડો. રૂગનાથભાઈ કુબાવત તથા દશનામ સાધુ સમાજના અગ્રણી અને તાલુકા મંડળના ઉપપ્રમુખ મનોજભારથી પ્રભાતભારથી ગૌસ્વામી, અગ્રણી ગણપતગીરીબાપુ, હિતેષપર્વત સી. ગોસાઈ તથા વૈષ્ણવ માર્ગીય સાધુ સમાજના અગ્રણી રાજુભાઈ દુધરેજીયા, અશ્વિનભાઈ દેસાણી, વિનોદભાઈ ગોંડલીયા અને સર્વોએ ત્રિપાંખ સાધુ સમાજને બપોરે ૩:૩૦ કલાકે પરિવાર સાથે પધારવા આમંત્રિત કરેલ છે.

સમગ્ર કાર્યક્રમનાં દાતા પૂ. ઘનશ્યામદાસબાપુ છે અને તેમના ધ્વારા કાર્યક્રમ કરવામાં આવે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## જાફરાબાદની એસબીઆઈમાં

જાય ત્યારે આ કામગીરી બંધ હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ ધકકા ખાઈ રહ્યા છે. આ બાબતે બેન્કમાં વિદ્યાર્થીઓ જાય ત્યારે એક જ જવાબ આપવામાં આવી રહ્યો છે કે આ કામગીરી બંધ છે. વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ મુકીને ફિંગર પ્રિન્ટ દેવા માટે આવતા હોય પરંતુ ફિંગર પ્રિન્ટની કામગીરી બંધ હોવાથી વિદ્યાર્થીઓ અભ્યાસનો પણ ભોગ આપી રહ્યા છે. આ બાબતે એસબીઆઈ બેન્ક મેનેજરને આ બાબતે ધ્યાન દોરવા છતાં આ બાબતે ગોળ ગોળ જવાબ આપી રહ્યા છે. ફિંગર પ્રિન્ટની કામગીરી બંધ હોવાથી વિદ્યાર્થીઓ ધકકા ખાઈ રહ્યા છે. શું આ બાબતે એસબીઆઈનાં ઉચ્ચ અધિકારીઓ ધ્યાન ઉપર લઈ વહેલીતકે આ કામગીરી ચાલું કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

## ખેલ મહાકુંભ સ્પર્ધામાં સાવરકુંડલાના શ્લોક ત્રિવેદી અને ક્રિશીવ પંડયાનો દબદબો




સાવરકુંડલા, તા. ૧૭

અમરેલી જિલ્લા કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં જિલ્લાના કુલ ૧૧ તાલુકા કક્ષાએ પ્રથમ આવેલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તે સ્પર્ધાની ૬ થી ૧૪ વર્ષ કેટેગરીમાં તબલામાં ત્રિવેદી શ્લોક મેહુલભાઈ અને એકપાત્રીય અભિનયમાં પંડયા ક્રિશીવ આકાશભાઈએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. તે બદલ તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવે છે. એમ રવિભાઈ જોષીની એકયાદીમાં જણાવાયું હતું

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં પશુઓને ડબ્બે પુરવાની

રખડતા પશુઓનાં કારણે શહેરમાં ગંદકી, અકસ્માત પણ વધતા હોય છે. નાના બાળકો, વૃધ્ધો અને મહિલાઓ પણ પરેશાન હોવાથી પાલિકા ધ્વારા રખડતા પશુઓને ડબ્બે પુરવાની કામગીરી પુનઃ શરૂ થાય તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં કથિત લેટરકાંડ

જોઈ રહી છે.

તદુઉપરાંત સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ લેટરનો એફએસએલ રીપોર્ટ જાહેર થાય છે કે કેમ તેના પર પણ સૌની નજર મંડાયેલી છે. તપાસ સમિતિનો રીપોર્ટ, એફએસએલ રીપોર્ટ અંગે મીડિયાનાં પ્રતિનિધિઓને પણ સૌ પુછપરછ કરી રહ્યાં છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં લુણીધાર ગામનો

દાયકાથી ધોવાણ અને એક એક ફૂટના ઊંડા ખાડા પડી જતા માર્ગ ઉપરથી પગપાળા ચાલવું પણ મુશ્કેલ સર્જાયું છે.

ચાર માસ પૂર્વે મોટા આંકડિયાથી લુણીધાર રેલ્વે સ્ટેશન સુધીનો માર્ગ બનાવવા ઉઠેલી માંગ બાદ ગામ સુધીનો માર્ગ માત્ર મરામત કરી અધૂરૂં કામ છોડી દેવાતા હજારો ખેડૂતોમાં રોષની લાગણી ફેલાઈ છે. આ માર્ગ ઉપર દિવસ દરમિયાન હજારો લોકો પહેલા અવર–જવર કરતા હતા. તંત્રની લાપરવાહીથી માર્ગ છેલ્લા એક દાયકાથી ન બનતા અહીંથી કોઈ પસાર થતું નથી. પરિણામે ૨૪ કલાક વાહનોથી ધમધમતા આ વિસ્તાર ભેકાર જેવી સ્થિતિમાં મુકાઈ ગયો છે. હજારો ખેડૂતો ખખડધજ રોડના કારણે પોતાની જણસ ગોંડલ યાર્ડમાં વેચવા જઇ શકતા નથી પરિણામે મોટી નુકસાની વેઠી રહ્યા છે. જો ભૂલથી પણ આ રોડ ઉપરથી દ્વિચક્રીય વાહન ધારક પસાર થાય તો રીંગ વળી ગયા હોવાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. જો આ માર્ગ બની જાય તો સરકારે કરોડના ખર્ચે લુણીધાર રેલ્વે સ્ટેશનનો વિકાસ કર્યો છે. પરંતુ સારો રોડ ન હોવાના કારણે કોઈ રેલ્વે સ્ટેશનને જતું નથી. જો આ માર્ગ બની જાય તો ખેડૂતો સહિત રાજકોટ અને ગોંડલ તરફ વાહન વ્યવહાર ઝડપી બને એવી લોક માંગ ઉઠવા પામી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## કરોડો રૂપિયાની રેતી ચોરી ?

થઈને પાદરગઢ, ગાવડકા, ગોખરવાળા થઈને છેકલીલીયાનાં ક્રાંકચ ગામ થઈને પસાર થતી હોય અંદાજિત ૬૦ થી ૭૦ કિ.મી.નાં પટ્ટમાં દર વર્ષે કરોડો ટન રેતી આવતી હોય છે અને રેતીની ગુણવત્તા બાંધકામ માટે શ્રેષ્ઠ હોવાથી શેત્રુંજી નદીની રેતીની માંગ સૌરાષ્ટ્રભરમાં હોવાથી અને બીજી તરફ રેતીની લીઝ રદ હોવાથી છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષથી રેતી ચોરીનું ભયાનક કૌભાંડ આચરાયું છે.

જેમાં ટ્રેકટર, ડમ્પર, લોડર જેવા વાહનો વડે શેત્રુંજી નદીમાંથી રેતી ચોરી શરૂ થઈ અને છેલ્લા ૧૦–૧૨ વર્ષમાં અંદાજિત ૫૦૦ કરોડ રૂપિયાની કિંમતની રેતી ચોરી થયાની ચર્ચા શરૂ થઈ છે અને ૫૦૦ કરોડ જેવી અધધ રકમ રેતી ચોરી કરનાર તેમજ ભ્રષ્ટ પદાધિકારીઓ અને બેઈમાન અધિકારીઓની ઘરની તિજોરીમાં જમા થઈ હોવાનું આબાલ–વૃધ્ધ સૌ કોઈ સારી રીતે જાણે છે.

શેત્રુંજી નદી નાણા ભૂખ્યાઓ માટે આવકનો સ્ત્રોત બની ગઈ છે અને સિંહો અને પર્યાવરણની સુરક્ષાના ભોગે મહાકાય કૌભાંડ આચરાયું છે અને આ અંગે અવારનવાર "અમરેલી એકસપ્રેસ" સહિતનાં મીડિયા જગતમાં અહેવાલ પ્રસિધ્ધ થયા છતાં પણ ભ્રષ્ટ તંત્ર અને સરકાર ધુતરાષ્ટ્રની જેમ તમાશો જોતા રહ્યા અને આજે રેતીકાંડે સમગ્ર રાજયમાં ચકચાર જગાવતાં થોડા દિવસથી રેતી ચોરી કૌભાંડ બંધ થયું છે. પરંતુ આગામી દિવસોમાં પુનઃ રેતી ચોરી કૌભાંડ શરૂ નહી થાય તેની કોઈ ખાત્રી મળતી નથી.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ) તે અમારા અસીલ શ્રી મનુભાઈ હમીરભાઈ મેસુરીયા, રે. બાબરા વાળાની સુચના અનુસાર લાગતા વળતા સર્વે ને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે,

અમારા અસીલ શ્રી અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે–બાબરા ગામે આવેલ રે.સ.ન. ૭૦૧ પૈકી, રે.સ.ન. ૭૦૨/૧ પૈકી વાળી રહેણાક હેતુ માટે બિનખેતી થયેલ પ્લોટો પૈકી પ્લોટ નં–૩૩ પૈકી કે જેના ચો.મી. ૮૩.૬૧ વાળી મિલ્કત રજી. વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલ શ્રી આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લી.–બાબરા માંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી./ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત) માં લેખીતમાં આધાર પુરાવા સાથે લેખીતમાં જાણ કરવી, મુદત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહી અને તેમણે પોતાના તમામ હકક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું, અને અમારા અસીલ બેંક સદરહું મિલ્કત મોર્ગેજ/ગીરો માં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદત વિત્યે પાછળ થી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહી, અને જો કરશે તો આ જાહેર નોટીસ થી રદ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટીસ થી લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તા. ૧૮/૦૧/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૦ | ૧૧૩૮ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૧૬૧ | ૧૧૯૮ |
| ૩ | શિંગ મોટી | ૮૧૦ | ૧૨૧૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૩૦ | ૧૨૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૨૫ | ૨૩૬૬ |
| ૬ | તલ કાળા | ૩૩૪૦ | ૪૨૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૭૫ | ૨૮૦૦ |
| ૮ | બાજરો | ૫૭૦ | ૫૯૩ |
| ૯ | જુવાર | ૪૩૦ | ૮૧૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૮૨ | ૬૬૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૮૩ | ૬૫૫ |
| ૧૨ | અડદ | ૧૩૦૦ | ૧૩૫૫ |
| ૧૩ | ચણા | ૧૦૧૫ | ૧૨૧૬ |
| ૧૪ | તુવેર | ૧૧૭૦ | ૧૬૬૦ |
| ૧૫ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૬ |
| ૧૬ | એરંડા | ૧૧૫૬ | ૧૨૦૬ |
| ૧૭ | જીરૂ | ૩૨૦૦ | ૪૪૭૦ |
| ૧૮ | ધાણા | ૧૨૩૦ | ૧૩૪૫ |
| ૧૯ | અજમા | ૧૮૯૦ | ૧૯૫૦ |
| ૨૦ | મેથી | ૧૦૨૦ | ૧૦૪૦ |
| ૨૧ | સોયાબીન | ૬૦૦ | ૮૩૦ |
| ૨૨ | મરચા લાંબા | ૩૭૦ | ૨૭૧૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૫ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૭૦૧ | ૧૦૫૨ |
| ૩ | તુવેર | ૧૪૬૧ | ૧૪૯૬ |
| ૪ | ધાણા | ૯૭૬ | ૧૦૧૦ |
| ૫ | તલ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ૬ | અડદ | ૧૨૬૫ | ૧૩૦૦ |
| ૭ | સોયાબીન | ૬૪૦ | ૭૯૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૨૦ | ૧૦૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૧ | ૧૧૫૫ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૫૧ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૨૫૧ |
| ૬ | કપાસ | ૧૩૨૫ | ૧૪૭૬ |
| ૭ | ઘઉં લોકવન | ૫૭૦ | ૬૪૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૬૦ |
| ૯ | બાજરો | ૬૨૫ | ૭૧૨ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | – |
| ૧૧ | તુવેર | ૧૩૮૮ | ૧૫૨૨ |
| ૧૨ | એરંડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | મેથી | ૯૦૧ | – |
| ૧૪ | ધાણા | ૧૩૬૪ | – |
| ૧૫ | સોયાબીન | ૭૨૧ | ૭૯૭ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૬ | ૧૪૮૬ |
| ૨ | મગફળી | ૯૭૫ | ૧૧૦૬ |
| ૩ | સોયાબીન | ૭૨૧ | ૭૨૧ |
| ૪ | તુવેર | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૫ | મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૨ | ૧૫૨૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૨૪ | ૧૩૬૬ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૭૫ | ૧૧૩૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૫૯ | ૧૦૭૧ |
| ૫ | ઘઉં | ૫૦૩ | ૬૮૭ |
| ૬ | સોયાબીન | ૭૬૨ | ૭૭૮ |
| ૭ | ચણા | ૧૦૩૦ | ૧૧૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૫૩ | ૬૧૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૬૨ | ૬૨૫ |
| ૪ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૯૨ |
| ૬ | મગફળી | ૭૦૨ | ૮૮૦ |
| ૭ | ચણા | ૧૧૨૦ | ૧૧૬૦ |
| ૮ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | ધાણા | ૧૨૫૫ | ૧૪૬૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| ૧૧ | બાજરો | ૫૬૦ | ૫૬૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૬૫૦ | ૧૯૬૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૦ | ૧૪૭૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૯૫ | ૬૯૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૧૧૨૧ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| ૩ | તલ પીળા | ૨૬૬૦ | ૨૭૦૧ |
| ૪ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૬ |
| ૫ | બાજરો | ૫૨૬ | ૫૮૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૯૧ |
| ૭ | જુવાર | ૫૫૨ | ૮૫૧ |
| ૮ | મગ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૯ | અડદ | ૮૦૦ | ૧૩૮૦ |
| ૧૦ | તુવેર | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૧ | ચણા | ૭૦૦ | ૧૧૫૫ |
| ૧૨ | સોયાબીન | ૭૫૦ | ૭૫૧ |

### અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા

# ઈશ્વરીયાની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ

## સાંસદ રૂપાલાના વરદ્ હસ્તે વિતરણ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૭

આજરોજ દીપશાળા પ્રોજેક્ટ અંતર્ગત પીએમ 'મદદ' શ્રી ઈશ્વરીયાપ્રાથમિકશાળામાં અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ધોરણ ૭ ના તમામવિદ્યાર્થીઓનેરાજકોટલોકસભા સાંસદ રૂપાલાના વરદ હસ્તે ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ હતી. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. ત્યારબાદ મહેમાનોનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ એઆઈએફ પ્રોજેક્ટ હેડ શંકર દ્વારા એઆઈએફ સંસ્થા વિશે માહિતી આપવામાં આવેલ હતી. ત્યારબાદ રૂપાલા એ પ્રવચન કર્યું હતું. ત્યારબાદ ધોરણ સાતના બાળકોને ટેબ્લેટ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનેઅંતે આભાર વિધિ આચાર્ય પરેશભાઈ



ગાંગડીયા દ્વારા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં એઆઈએફપ્રોજેક્ટ હેડ શંકર, પ્રોજેક્ટ મેનેજર હાર્દિકભાઈ, શિક્ષણ સમિતિના ચેરમેન ધોરાજીયા, અમરેલી નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સોલંકી, બીઆરસી બિપીનભાઈ, ડો. સતાણી, અન્ય મહાનુભાવો, ગામના સરપંચ, એસએમસી કમિટીના તમામ સભ્યો, ગ્રામજનોતથાવાલીઓહાજરરહ્યાહતો.

### ૩૪ ખેલાડીઓ અર્જુન પુરસ્કારથી સન્માનિત

# મનુ ભાકર-ડી ગુકેશ સહિત ચાર ખેલાડીઓને મળ્યો ખેલ રત્ન એવોર્ડ

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં પરંપરાગત સમારોહમાં રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર અનાયત કર્યા ત્યારે સૌથી વધુ તાળીઓ પેરા એથ્લેટ્સે મેળવી

નવી દિલ્હી, તા.૧૭

બે ઓલિમ્પિક મેડલ વિજેતા શૂટર મનુ ભાકર અને ચેસ વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશ ચમક્યા હતા પરંતુ શુક્રવારે જ્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં એક પરંપરાગત સમારોહમાં રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર એનાયત કર્યા ત્યારે પેરા એથ્લેટ્સે સૌથી વધુ તાળીઓ મેળવી હતી. મનુ અને ગુકેશની સાથે ભારતીય પુરૂષ હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને પેરાલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા હાઈ જમ્પર પ્રવીણ કુમારને પણ દેશના સર્વોચ્ચ ખેલ સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

૨૨ વર્ષીય ભાકર એ જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી સ્વતંત્ર ભારતની પ્રથમ ખેલાડી બની હતી જ્યારે તેણીએ પેરિસ ઓલિમ્પિકમાં ૧૦ મીટર એર પિસ્તોલ વ્યક્તિગત અને મિશ્ર ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. હરમનપ્રીત ટોક્યો અને પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનારી હોકી ટીમનો સભ્ય હતો. હરમનપ્રીત સિંહ પેરિસ ઓલિમ્પિકમાં ટીમનો કેપ્ટન પણ હતો. બીજી તરફ દિવ્યાંગ પ્રવીણે ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો અને પેરિસમાં તેને ગોલ્ડમાં પરિવર્તિત કર્યો હતો.

૧૮ વર્ષીય ગુકેશ સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બન્યો છે. જેમણે ગયા મહિને ચીનના ડિંગ લિરેનને હરાવ્યો હતો. તે વિશ્વનાથન આનંદ પછી વિશ્વ ચેમ્પિયનશિપ જીતનાર બીજો ભારતીય છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ચેસ ઓલિમ્પિયાડમાં ભારતની ખિતાબ જીતમાં પણ તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ વખતે ૩૨ ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવ્યા હતા, જેમાંથી ૧૭ પેરા એથ્લેટ છે.

અર્જુન એવોર્ડ મેળવનાર ખેલાડીઓમાં પેરિસ ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા કુસ્તીબાજ અમન સેહરાવત, શૂટર્સ સ્વપ્નિલ કુસાલે, સરબજોત સિંહ અને પુરૂષ હોકી ટીમના સભ્યો જરમનપ્રીત સિંહ, સુખજીત સિંહ, સંજય અને અભિષેકનો સમાવેશ થાય છે. આ વખતે પેરા એથ્લેટ્સની સંખ્યા એવોર્ડ મેળવનારમાં સૌથી વધુ હતી. જેમાં પેરિસ પેરાલિમ્પિક્સમાં સાત ગોલ્ડ અને નવ સિલ્વર સહિત ૨૯ મેડલ જીત્યા છે. રાષ્ટ્રપતિ મુર્મૂ પરંપરાથી ફેરફાર કરીને વ્હીલચેર પર નિર્ભર કેટલાક ખેલાડીયો જેવા કે પ્રણવ સુરમા માટે પોતે આગળ ચાલીને આવી હતી.

આ સમારોહની સૌથી લાગણીશીલ ક્ષણ એ હતી જ્યારે ભારતના પ્રથમ પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા મુરલીકાંત પેટકર વ્હીલર ચેર સાથે અર્જુન એવોર્ડ (લાઈફટાઈમ) લેવા માટે રાષ્ટ્રપતિ સુધી પહોંચ્યા હતા. ૮૦ વર્ષીય યુદ્ધ નાયક પેટકરને ૧૯૬૫ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં કમરથી નીચે ગોળી વાગી હતી. તેઓ મૂળ બોક્સર હતો પરંતુ બાદમાં પેરા સ્વિમર બન્યો. તેમણે ૧૯૭૨ની પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે તેઓ એવોર્ડ લેવા આવ્યા ત્યારે તેઓ પોતાની સીટ પર પાછા ન ગયા ત્યાં સુધી તાળીઓનો ગડગડાટ ચાલુ રહ્યો હતો. તેના માટે તાળીઓ પાડનારાઓમાં અભિનેતા કાર્તિક આર્યન પણ હતો જેણે તેના પર બનેલી ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'માં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

આ પ્રસંગે ખેલ મંત્રી મનસુખ માંડવિયા, સંસદીય અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ, રમત ગમત સચિવ સુજાતા ચતુર્વેદી પણ હાજર હતા. ખેલ રત્ન પુરસ્કારની સાથે ૨૫ લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર, જ્યારે અર્જુન અને દ્રોણાચાર્ય પુરસ્કારોમાં ૧૫ લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

### ગુજરાતીને BCCI માં મળી મોટી જવાબદારી

# સૌરાષ્ટ્રના દિગ્ગજ ખેલાડી બન્યા ટીમ ઈન્ડિયાના નવા બેટિંગ કોચ

## BCCI એ વર્તમાન ઇન્ડિયા છ મુખ્ય કોચ સિતાંશુ કોટકને ભારતીય ટીમમાં બેટિંગ કોચ તરીકે ઉમેરવા નિર્ણય કર્યો

નવી દિલ્હી, તા.૧૭

એક અનુભવી ખેલાડી ભારતીય ક્રિકેટ ટીમના સપોર્ટ સ્ટાફમાં સામેલ થવાનો છે. વાસ્તવમાં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ વર્તમાન ઈન્ડિયા છ મુખ્ય કોચ સિતાંશુ કોટકને ભારતીય રાષ્ટ્રીય ટીમમાં બેટિંગ કોચ તરીકે ઉમેરવાનો નિર્ણય કર્યો છે. કોટક ઈંગ્લેન્ડ સામેની હોમ સિરીઝમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથે જોડાશે. ૨૨ જાન્યુઆરીથી ઈંગ્લેન્ડની ટીમ ભારતના પ્રવાસે છે, જ્યાં પાંચ T20 અને ત્રણ ODI મેચ રમાશે. ચાલો જાણીએ સિતાંશુ કોટક કોણ છે અને શા માટે તેમને બેટિંગ કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા.

એવું માનવામાં આવે છે કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી બાદ બીસીસીઆઈની સમીક્ષા બેઠક દરમિયાન ગંભીરે બેટિંગ કોચની માંગ કરી હતી. ભારતીય ક્રિકેટ બોર્ડે આ વિનંતીને સ્વીકારી લીધી છે. BCCIના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું, 'કોચ ગંભીરે સમીક્ષા બેઠક દરમિયાન બેટિંગ કોચની માંગણી કરી હતી. ત્યારથી ચર્ચા ચાલી રહી હતી અને હવે કોટકને સપોર્ટ સ્ટાફમાં સામેલ કરવામાં આવશે. આ બેઠકમાં ભારતીય કેપ્ટન રોહિત શર્મા પણ હાજર હતા.

સિતાંશુ કોટકનો જન્મ ૧૯ ઓક્ટોબર ૧૯૭૨ના રાજકોટમાં થયો હતો. સિતાંશુ કોટક ડોમેસ્ટિક ક્રિકેટમાં સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતા હતા. સિતાંશુ કોટકના નામે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૮૦૬૧ રન નોંધાયેલા છે. જ્યારે લિસ્ટ એ ક્રિકેટમાં તેમના નામે ૩૦૮૩ રન છે. સિતાંશુ કોટકે ૧૯૯૨/૯૩માં સૌરાષ્ટ્ર તરફથી ડોમેસ્ટિક ક્રિકેટમાં એન્ટ્રી કરી હતી. સિતાંશુ કોટક ભારતના અનુભવી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટરોમાંથી એક છે. તેની પાસે ૧૩૦ ફર્સ્ટ ક્લાસ મેચોનો અનુભવ છે. તે લગભગ બે દાયકા સુધી સ્થાનિક ક્રિકેટમાં સૌરાષ્ટ્ર માટે રમ્યા હતા. ૧૯૯૨/૯૩ સીઝનમાં તેની શરૂઆત કરી અને ઓક્ટોબર ૨૦૧૩માં તેની છેલ્લી મેચ રમી. તેની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીમાં, કોટકે ૧૫ સદી અને ૫૫ અડધી સદી સાથે ૪૧.૭૬ની સરેરાશથી ૮૦૬૧ રન બનાવ્યા હતા. તેમણે ૮૯ લિસ્ટ છ મેચ પણ રમી અને ત્રણ સદી અને ૨૬ અડધી સદી સાથે ૪૨.૨૩ની સરેરાશથી ૩૦૮૩ રન બનાવ્યા. જોકે, તે ક્યારેય ભારત તરફથી રમ્યા નથી.

### નિફ્ટી ૨૩૨૦૩ પર બંધ

# સતત ત્રણ દિવસની તેજી પર બ્રેક, સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટ તૂટ્યો

## સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૧૯.૩૩ પર બંધ નિફ્ટી ઘટાડા સાથે ૨૩,૨૦૩ પર બંધ થયો

મુંબઈ, તા.૧૭

BSE પર સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૧૯.૩૩ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, NSE પર નિફ્ટી ૦.૪૭ ટકાના ઘટાડા સાથે ૨૩,૨૦૩.૨૦ પર બંધ થયો. કારોબારી સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર ઘટાડા સાથે રેડ ઝોનમાં બંધ થયું છે. BSE પર સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૧૯.૩૩ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, NSE પર નિફ્ટી ૦.૪૭ ટકાના ઘટાડા સાથે ૨૩,૨૦૩.૨૦ પર બંધ થયો.

ટ્રેડિંગ સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર રેડ ઝોનમાં ખુલ્યું હતું. મ્જીઈ પર સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૬૩.૪૦ પર ખુલ્યો હતો. તે જ સમયે, દ્ગજીઈ પર નિફ્ટી ૦.૫૧ ટકાના ઘટાડા સાથે ૨૩,૧૯૧.૭૫ પર ખુલ્યો હતો.

આજના ટ્રેડિંગ દરમિયાન, BPCL, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, કોલ ઈન્ડિયા અને હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝના શેર નિફ્ટી પર ટોપ ગેનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે ઈન્ફોસિસ, એક્સિસ બેંક, શ્રીરામ ફાઈનાન્સ, કોટક મહિન્દ્રા બેંક, સ્શ્સ્ના શેર ટોપ લૂઝરની યાદીમાં સામેલ હતા.BSE મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો સપાટ ટ્રેડ થયા હતા. ભારતીય રૂપિયો શુક્રવારે ૬ પૈસા ઘટીને ૮૬.૬૧ પ્રતિ ડૉલર પર બંધ થયો હતો, જ્યારે ગુરુવારે તે ૮૬.૫૫ પ્રતિ ડૉલર પર બંધ થયો હતો.

આઈટી ક્ષેત્રની અગ્રણી ઈન્ફોસિસ અને ખાનગી ક્ષેત્રની એક્સિસ બેંકના ત્રિમાસિક પરિણામોમાં ઘટાડાને કારણે શુક્રવારે ભારતના મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી ૫૦માં ઘટાડો થયો હતો.

### ૫૦થી વધુ ફાઈલો ચોરી

# ચીનના હેકરોએ અમેરિકાના નાણા મંત્રીનું કોમ્પ્યુટર હેક કર્યું

## અહેવાલ મુજબ ડિસેમ્બરમાં ચીનના હેકર્સે ટ્રેઝરી વિભાગના ડેપ્યુટી સેક્રેટરી વાલે એડેયેમો અને કાર્યકારી અંડર સેક્રેટરી બ્રેડ સ્મિથના કોમ્પ્યુટર્સ સાથે ચેડાં કર્યા હતા

નવી દિલ્હી, તા.૧૭

ચીનના હેકર્સે અમેરિકાના નાણામંત્રી જેનેટ યેલેનના કોમ્પ્યુટર હેક કરી ડેટા ચોરી કરી ખળભળાટ મચાવી દીધો છે. રિપોર્ટ અનુસાર, ચીની હેકર્સે અમેરિકન સેનેટ સભ્ય અને ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેનના કોમ્પ્યુટરમાંથી ૫૦થી વધુ ફાઈલો ચોરી લીધી છે.અહેવાલ મુજબ ડિસેમ્બરમાં ચીનના હેકર્સે ટ્રેઝરી વિભાગના ડેપ્યુટી સેક્રેટરી વાલે એડેયેમો અને કાર્યકારી અંડર સેક્રેટરી બ્રેડ સ્મિથના કોમ્પ્યુટર્સ સાથે ચેડાં કર્યા હતા. રિપોર્ટમાં દાવો કરાયો છે કે ચીની હેકર્સે નાણામંત્રી અને ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેનના કોમ્પ્યુટરમાંથી લગભગ ૫૦ ફાઈલો એક્સેસ કરી છે અને ટ્રેઝરી વિભાગના કામ, ગુપ્ત અને આંતરરાષ્ટ્રીય બાબતો સંબંધિત માહિતી ચોરી લીધી છે. આ સિવાય એક રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે હેકર્સે ટ્રેઝરી વિભાગના ૪૦૦થી વધુ પર્સનલ કોમ્પ્યુટર્સ અને પર્સનલ ડિવાઈસમાં સંગ્રહી રાખેલી ૩,૦૦૦થી વધુ ફાઈલો ઍક્સેસ કરી હતી. આ ઉપરાંત હેકર્સે અમેરિકામાં વિદેશી રોકાણ સમિતિ સંબંધિત માહિતી પણ મેળવી છે.

આ સમિતિ વિદેશી રોકાણના સુરક્ષા પરિણામોની સમીક્ષા કરે છે.રિપોર્ટ અનુસાર, હેકર્સે થર્ડ-પાર્ટી સાયબર સિક્યુરિટી સર્વિસ પ્રોવાઈડર બિયોન્ડ ટ્રસ્ટ કોર્પોરેશનના સોફ્ટવેરમાં ખામીનો ફાયદો ઉઠાવ્યો હતો. સાયબર સુરક્ષા સેવા પ્રોવાઈડરે ગયા મહિને ૮ ડિસેમ્બરે આ માહિતી આપી હતી. ટ્રેઝરી વિભાગે સાયબર સિક્યુરિટી એજન્સી, એફબીઆઈ અને અન્ય ગુપ્તચર એજન્સીઓને આ અંગે જાણ કરી. ટ્રેઝરી સ્ટાફે આ અઠવાડિયે કોંગ્રેસના સહાયકો અને કાયદા નિર્માતાઓને ઘટના વિશે માહિતી આપી.

### ૧૦૦ વર્ષમાં તમામ કુંભમાં ભાગ લઈ ચૂક્યા

# મહાકુંભમાં ૧૨૮ વર્ષના સ્વામી શિવાનંદ આકર્ષણનું કેન્દ્ર બન્યા

## સ્વામી શિવાનંદે સદીમાં બધા જ કુંભમાં પવિત્ર ડુબકી લગાવી

પ્રયાગરાજ, તા.૧૭

પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત યોગ સાધક સ્વામી શિવાનંદ બાબાએ છેલ્લા ૧૦૦ વર્ષમાં યોજાયેલા બધા જ કુંભમાં ભાગ લીધો છે. આ બાબતની જાણકારી તેમના શિષ્ય સંજય સર્વજનાએ આપી હતી. પ્રયાગરાજમાં સોમવારથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં નાગા સાધુઓ અને અન્ય સંન્યાસીઓની જેમ ૧૨૮ વર્ષના સ્વામી શિવાનંદ બાબા પણ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

મહાકુંભનગરના સેક્ટર ૧૬માં સંગમ લોઅર માર્ગ પર સ્થિત બાબાના શિબિર બહાર લાગેલા બેનરમાં પ્રકાશિત તેમના આધાર કાર્ડમાં તેમની જન્મ તારીખ ૮ ઑગસ્ટ, ૧૮૯૬ નોંધાયેલી છે. જોકે, બાબાશિવાનંદની જન્મ તારીખ અંગે કોઈ સત્તાવાર પુરાવો ઉપલબ્ધ નથી. સ્વામી શિવાનંદે છેલ્લી એક સદીમાં બધા જ કુંભમાં પવિત્ર ડુબકી લગાવી છે.

શિવાનંદ બાબાને ૧૨૫ વર્ષની વયે વર્ષ ૨૦૨૨માં મોદી સરકારે પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કર્યા હતા. શિવાનંદ બાબાના પ્રારંભિક જીવન અંગે બેંગ્લુરુના તેમના શિષ્ય ફાલ્ગુન ભટ્ટાચાર્યએ કહ્યું કે, બાબા શિવાનંદનો જન્મ એક ભીખારી પરિવારમાં થયો હતો. ચાર વર્ષની વયે તેમના માતા-પિતાએ તેમને ગામમાં આવેલા સંત ઓમકારાનંદ ગોસ્વામીને સોંપી દીધા હતા, જેથી તેમને ભોજન-પાણી મળી શકે.

છ વર્ષની વયે શિવાનંદ બાબાએ એક જ સપ્તાહમાં બહેન અને માતા-પિતા ગુમાવ્યા તેમણે એક જ ચિતામાં માતા-પિતાના દાહ સંસ્કાર કર્યા. ત્યાર પછી સંત ઓમકારાનંદ ગોસ્વામીએ જ તેમનો ઉછેર કર્યો. તેમના અન્ય એક શિષ્યા શર્મિલા સિંહાએ કહ્યું કે, તેઓ બાળપણથી જ શિવાનંદ બાબાને ઓળખે છે. તેમનું જીવન એકદમ સરળ છે. તેઓ દરેક વ્યક્તિને નમન કરે છે. તેઓ કોઈની પાસેથી દાન લેતા નથી અને ૧૯૭૭થી તેમણે રૂપિયાને સ્પર્શ પણ નથી કર્યો. તેઓ કાશીના ઘાટ પર લોકોને યોગ શિખવાડે છે.

તેમણે તેમનું જીવન લોકસેવામાં સમર્પિત કરી દીધું છે. ભટ્ટાચાયેએ કહ્યું કે, બાબા શિવાનંદ અડધું પેટ ભરાય તેટલું જ ભોજન કરે છે. તેઓ મીઠા અને તેલ વિનાનું ઉકાળેલું ભોજન આરોગે છે. બાબા રાતે ૯:૦૦ વાગ્યે સુઈ જાય છે અને સવારે ૩:૦૦ વાગ્યે ઊઠે છે. સવારે યોગ-ધ્યાન કરે છે. ત્યાર પછી આખો દિવસ તેઓ સૂતા નથી. સ્વામી શિવાનંદ બાબા વારાણસીના કબીર નગર, દુર્ગાકુંડમાં રહે છે. કુંભ મેળા પછી તેઓ બનારસ પાછા જતા રહેશે.

### અભિષેક બેનર્જી પાર્ટીમાં મુખ્ય પદ ઇચ્છે છે

# મમતા બેનર્જી અને તેમના ભત્રીજા અભિષેક વચ્ચે મતભેદની ખબર

## મમતા બેનર્જીએ મિટીંગમાં કહ્યું કે, હજુ હું ૧૦ વર્ષ સુધી સક્રિય છું અને પાર્ટીની કમાન મારી પાસે જ રહેશે

કોલકાતા, તા.૧૭

પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી ટીએમસી(તૃણમૂલ કોંગ્રેસ)માં મમતા બેનર્જી અને તેમના ભત્રીજા અભિષેક વચ્ચે મતભેદની ખબર સામે આવી રહી છે. એવા પણ વાવડ છે કે, અભિષેક બેનર્જી પાર્ટીમાં મુખ્ય પદ ઇચ્છે છે. પરંતુ, મમતા બેનર્જીએ હાલ ભત્રીજા માટે ફક્ત રાહ જોવાનો જ વિકલ્પ રાખ્યો છે. તેઓએ પોતાના જન્મદિવસની ઉજવણીને લઈને કહ્યું કે, પાર્ટીના કાર્યકર્તા મારો જન્મદિવસ ઉજવે છે, પરંતુ મારી જન્મતિથિ નક્કી જ નથી. મારી ઉંમર તો સર્ટિફિકેટ પર ૫ વર્ષ વધારે લખી છે. આ સિવાય મમતા બેનર્જીએ મિટીંગમાં કહ્યું કે, હજુ હું ૧૦ વર્ષ સુધી સક્રિય છું અને પાર્ટીની કમાન મારી પાસે જ રહેશે. મમતા બેનર્જીની આ ટિપ્પણી બાદ ચર્ચા તેજ થઈ છે કે, શું દીદીએ ભત્રીજાની વધતી મહત્ત્વકાંક્ષાઓ પર લગામ લગાવવા માટે આ નિર્ણય લીધો છે?

મમતા બેનર્જીએ કહ્યું, દરેક મારો જન્મદિવસ ઉજવે છે. પરંતુ, મારી જે જન્મતિથિ જણાવવામાં આવે છે, ત્યારે હું નહોતી જન્મી. તે સમયે ઘરે જ બાળકો પેદા થતા હતા. મને ઘણા લોકો જન્મદિવસની શુભકામના આપે છે, પરંતુ આ મારી જન્મ તારીખ નથી. મારા માતા-પિતાએ બસ સર્ટિફિકેટમાં આ તારીખ લખાવી દીધી હતી, જેને આજે મારા જન્મની તિથિ માનવામાં આવે છે. જોકે, આમાં કંઈ ખોટું નથી. પહેલાંના સમયમાં આવું જ થતું હતું. લોકો સમય વગેરે પર વધારે ધ્યાન ન આપતા. હૉસ્પિટલમાં બાળકોનો જન્મ થતો નહીં, પરંતુ ઘરમાં જ બાળકો પેદા થતા હતાં. મેં એક પુસ્તકમાં પણ મારા જન્મ વિશે લખ્યું છે કે, કેવી રીતે મારા શાળા પ્રવેશ વખતે જન્મ તારીખ લખાવવામાં આવી હતી. નોંધનીય છે કે, દસ્તાવેજોમાં મમતા બેનર્જીની જન્મતિથિ ૫ જાન્યુઆરી, ૧૯૫૫ લખવામાં આવી છે. જે મુજબ તે ૭૦ વર્ષના થઈ ગયા છે. પરંતુ, મમતા બેનર્જીનો દાવો છે કે, તેમની ઉંમર ૬૫ વર્ષની છે. મમતા બેનર્જીના આ દાવાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે, ટીએમસીની કમાન હાલ મમતાના હાથમાં જ રહેશે. જણાવી દઈએ કે, અભિષેક બેનર્જી અને મમતા બેનર્જીના સમર્થકો વચ્ચે મતભેદ જોવા મળી રહ્યા છે. ખાસ કરીને ડાયમંડ હાર્બર લોકસભા વિસ્તારમાં અભિષેક બેનર્જી રાજ્ય સરકારથી અલગ યોજનાઓ ચલાવી રહ્યા છે. જેના પરથી તેવી પણ ચર્ચા થઈ રહી છે કે, અભિષેક બેનર્જીના આ પ્રયાસો મમતા દીદીથી અલગ મોડેલ રજૂ કરવાનો પ્રયાસ છે. રસપ્રદ વાત એ છે કે, મમતા બેનર્જીએ ૧૦ વર્ષ એક્ટિવ રહેવાની વાત કહી તો અભિષેક બેનર્જીએ પાર્ટીમાં દીદી સાથેના મતભેદોનો ઈનકાર પણ ન કર્યો. અભિષેક બેનર્જીએ કહ્યું કે, પરિવારમાં આવું થતું રહે છે. જ્યારે કોઈ રાજકીય પાર્ટી વધે છે અને મોટી થાય છે તો આવા કિસ્સા સામે આવે છે. શું ભાજપ અને સીપીએમ વચ્ચે કોઈ મતભેદ નથી? પરિવારોમાં પણ આંતરિક મતભેદ હોય છે. હજારો પાર્ટી કાર્યકર્તા છે. તેથી, એકબીજા વચ્ચે થોડા ઘણાં મતભેદ હોવા વાજબી છે. શું વર્કપ્લેસ પર કર્મચારીઓમાં મતભેદ નથી થતા? પરંતુ તેનો એવો અર્થ નથી કે, જેના મનમાં જે આવે, તે કરવા લાગે.

### મહિલા મતદારોને ખુશ કરવા વચનોની લ્હાણી કરી

# દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપનું સંકલ્પ પત્ર જારી

## ભાજપે કહ્યું છે કે જો દિલ્હીમાં તેમની સરકાર બનશે તો મહિલાઓને મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે

નવી દિલ્હી, તા. ૧૭

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પોતાના ચૂંટણી ઢંઢેરાના પ્રથમ તબક્કાની જાહેરાત કરી છે. પાર્ટીએ દિલ્હીના લોકોને ઘણા મોટા વચનો આપ્યા છે અને કહ્યું છે કે હજુ વધુ જાહેરાતો કરવાની બાકી છે.

ભાજપે કહ્યું છે કે જો દિલ્હીમાં તેમની સરકાર બનશે તો મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે. સંકલ્પ પત્ર બહાર પાડતી વખતે, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે મહિલા સમૃદ્ધિ યોજના પહેલી કેબિનેટ બેઠકમાં જ પસાર કરવામાં આવશે. આ ઉપરાંત, સસ્તા સિલિન્ડરનું વચન આપવામાં આવ્યું છે. ભાજપે એ પણ સ્પષ્ટ કર્યું છે કે અરવિંદ કેજરીવાલ સરકારની હાલની યોજનાઓ પણ બંધ કરવામાં આવશે નહીં. ભાજપ અધ્યક્ષે કહ્યું કે, તમામ ઝૂંપડપટ્ટીઓમાં ૫ રૂપિયામાં સંપૂર્ણ ભોજન પૂરું પાડવા માટે અટલ કેન્ટીન યોજના શરૂ કરવામાં આવશે. ભાજપ અધ્યક્ષે કહ્યું કે માતૃત્વ સુરક્ષા યોજનાને વધુ મજબૂત બનાવવા માટે છ પૌષ્ટિક કીટ આપવામાં આવશે. દરેક ગર્ભવતી મહિલાને ૨૧ હજાર રૂપિયા આપવામાં આવશે. ભાજપે કહ્યું છે કે મોહલ્લા ક્લિનિકમાં લગભગ ૩૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. ભાજપ સરકાર બન્યા પછી આની તપાસ કરવામાં આવશે. દવાના કરારોની પણ તપાસ કરવામાં આવશે. ભાજપ અધ્યક્ષે કહ્યું કે જો દિલ્હીમાં ભાજપની સરકાર બનશે તો કેન્દ્રની આયુષ્માન યોજના લાગુ કરવામાં આવશે. આયુષ્ય યોજના પહેલી કેબિનેટ બેઠકથી જ લાગુ કરવામાં આવશે. આમાં, દિલ્હી સરકાર દ્વારા ૫ લાખ રૂપિયાનું વધારાનું કવર આપવામાં આવશે. ૫૧ લાખ લોકોને તેનો લાભ મળશે. ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને ૧૦ લાખ રૂપિયાનો આરોગ્ય વીમો પણ આપવામાં આવશે. જેપી નડ્ડાએ કહ્યું કે ગરીબ પરિવારોને એલપીજી સિલિન્ડર પર ૫૦૦ રૂપિયાની સબસિડી આપવામાં આવશે. હોળી અને દિવાળી પર વર્ષમાં બે મફત સિલિન્ડર આપવામાં આવશે. ૧.૮૦ લાખ લોકોના પ્રતિભાવ લીધા બાદ આ સંકલ્પ પત્ર તૈયાર કરવામાં આવ્યો હતો.

નડ્ડાએ કહ્યું કે અમે મહિલાઓ, યુવાનો, ઝૂંપડપટ્ટીવાસીઓ, અસંગઠિત મજૂરો, મધ્યમ વર્ગ અને વેપારી વર્ગ સાથે ચર્ચા કરી છે. લગભગ ૧.૮૦ લાખ પ્રતિભાવો પ્રાપ્ત થયા છે. લગભગ ૬૨ જૂથો સાથે ચર્ચા કરવામાં આવી છે. ૧૨ હજાર નાની-મોટી સભાઓ યોજી. નેતાઓએ દરેક ખૂણામાં જઈને ૪૧ ન્ઈઙ્ઘ વાન દ્વારા ચર્ચા કરી.

### મોડી રાતે રાહુલ ગાંધી AIIMS પહોંચ્યા

# રાહુલ કડકડતી ઠંડી વચ્ચે ફૂટપાથ પર સૂતા દર્દીના પરિજનોને મળ્યાં

## કોંગ્રેસ નેતા સારવાર માટે આવેલા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યા અને તેમની સમસ્યાઓ સાંભળી

નવી દિલ્હી, તા.૧૭

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ગુરુવારે મોડી રાત્રે દિલ્હી એઈમ્સની મુલાકાત લીધી હતી. કોંગ્રેસ નેતા સારવાર માટે આવેલા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યા અને તેમની સમસ્યાઓ સાંભળી. આ મુલાકાત પછી, કોંગ્રેસના નેતાએ કેન્દ્ર અને દિલ્હી સરકાર પર દર્દીઓ પ્રત્યે અસંવેદનશીલતા દાખવવાનો પણ આરોપ લગાવ્યો. રાહુલ ગાંધીની આ મુલાકાતના ફોટા કોંગ્રેસના ટ્વિટર હેન્ડલ પરથી શેર કરવામાં આવ્યા છે. ફોટા સાથે લખ્યું હતું કે, દૂર દૂરથી સારવાર માટે આવેલા લોકો અહીં રસ્તાઓ, ફૂટપાથ અને સબવે પર સૂવા માટે મજબૂર છે. મોદી સરકાર અને દિલ્હી સરકારે તેમને પોતાના હાલ પર છોડી દીધા છે. તેમણે પોતાની જવાબદારીથી મોઢું ફેરવી લીધું છે.

કોંગ્રેસે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આગળ લખ્યું, સારવાર માટે મહિનાઓ રાહ જોવી, સરકારની અસુવિધા અને અસંવેદનશીલતા - આ આજે દિલ્હી એઈમ્સની વાસ્તવિકતા છે. પરિસ્થિતિ એવી છે કે જે લોકો દૂર દૂરથી પોતાના પ્રિયજનોની બીમારીનો બોજ લઈને આવ્યા છે, તેઓ આ કડકડતી ઠંડીમાં ફૂટપાથ અને સબવે પર સૂવા માટે મજબૂર છે. રાહુલે ઈન્સ્ટાગ્રામ પર હિન્દીમાં પોસ્ટ કરી કે, રોગનો ભાર, કડકડતી ઠંડી અને સરકારની અસંવેદનશીલતા - આજે હું એઈમ્સની બહાર એવા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યો જે દૂર દૂરથી સારવારની શોધમાં આવ્યા છે. સારવાર માટે જતી વખતે તેમને રસ્તાઓ, ફૂટપાથ અને મહાનગરોમાં સૂવાની ફરજ પડે છે. ઠંડી જમીન, ભૂખ અને અસ્વસ્થતા વચ્ચે, દર્દીઓએ આશાની જ્યોત પ્રજ્વલિત રાખી છે.

# અંબાજીમાં શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમાનો થશે ભવ્ય પ્રારંભ

## શક્તિપીઠ અંબાજી ખાતે ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'માં ભાગ લેવા માટે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડશે

અંબાજી,તા.૧૭

અંબાજી શક્તિપીઠ અંબાજી ખાતે ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'માં ભાગ લેવા માટે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આયોજિત આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.આ ત્રિદિવસીય મહોત્સવમાં મસાલ યાત્રા, ત્રિશૂળ યાત્રા, જ્યોતિ યાત્રા, શક્તિ યજ્ઞા, ભજન સત્સંગ, આનંદ ગરબા અને મહાઆરતી જેવા કાર્યક્રમો યોજાશે. પરિક્રમા માર્ગ પર વિવિધ મંડળો દ્વારા ભજન સત્સંગ કરવામાં આવશે. ગરબા અખંડ ધૂનની સાથે ગબ્બર ટોચ ખાતે રાત્રી ૧૨ કલાકે મહા આરતીની સાથે વિવિધ કાર્યક્રમો કરાશે.

ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી આવતા શ્રદ્ધાળુઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.ગબ્બર તળેટી ખાતે યોજાનાર આ મહોત્સવમાં મા અંબાના દર્શન કરવા માટે દૂરદૂરથી ભક્તો આવી રહ્યા છે. આ મહોત્સવમાં ભાગ લેવા માટે તમામને ટ્રસ્ટ તરફથી હાર્દિક આમંત્રણ છે.

## શેત્રુંજી નદીનો પ્રવાહ નાણા ભૂખ્યાઓ માટે આર્થિક સમૃધ્ધિ લાવ્યો

# અમરેલી પંથકમાં છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષમાં કરોડો રૂપિયાની રેતી ચોરી ?

**કથિત લેટરકાંડ બાદ સમગ્ર રાજયમાં રેતી ચોરીની ચર્ચાએ ચકચાર જગાવી દીધી છે**

**અમરેલી પંથકનાં આબાલ-વૃધ્ધ સૌ કોઈ જાણે છે અને જુએ છે કે રેતી ચોરી થાય છે**

**જિલ્લાનું વહીવટીતંત્ર અને રાજય સરકારે પણ ધુતરાષ્ટ્ર બનીને રેતી ચોરી સામે આંખ આડા કાન કર્યા છે**

**જો કે છેલ્લા ૧૫-૨૦ દિવસથી રેતી ચોરીનું દુષણ બંધ પણ થયું છે તે હકીકત છે**

અમરેલી, તા. ૧૭
અમરેલીનાં બહુમર્ચિત લેટરકાંડે સમગ્ર રાજયમાં ચકચાર જગાવી છે. તેમાં અમરેલી પંથકમાં થતી રેતીચોરીનાં પ્રકરણને પણ ભારે કવરેજ મળ્યું છે.
અમરેલી નજીકથી પસાર થતી શેત્રુંજી નદીમાં ઓન રેકર્ડ સિંહોનો વસવાટ સાબિત થયો હોવાથી એશિયાટીક સિંહોની સુરક્ષાને લઈને શેત્રુંજી નદીમાંથી રેતીચોરીની અપાયેલ તમામ લીઝ ૧૨-૧૫ વર્ષ પહેલા રદ કરવામાં આવી હતી.
શેત્રુંજી નદી ખોડીયાર જળાશયનાં નીચાણવાળા પટ્ટથી શરૂ

અનુસંધાન પાના ૬ ઉપર

### ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી નવો માર્ગ બનતો નથી

# અમરેલીનાં લુણીધાર ગામનો રેલ્વે સ્ટેશન સુધીનો માર્ગ અતિ બિસ્માર બનતા સૌ પરેશાન

### વાહન ચલાવવું તો દૂર પણ પગપાળા જવામાં પણ પરેશાની





અમરેલી, તા. ૧૭
અમરેલી પંથકના લુણીધાર થી રેલવે સ્ટેશન સુધીનો માર્ગ દાયકાથી નબનતા માર્ગ ઉપર ફૂટ ફૂટ ના ખાડા પડી જતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.
અમરેલી પંથકના લુણીધારથી રેલ્વે સ્ટેશન સુધીનો ચારેક કિલોમીટરનો માર્ગ છેલ્લા એક દાયકાથી બન્યો નથી. આ માર્ગ પરથી લુણીધાર સહિત આજુબાજુના ૨૦ જેટલા ગામના હજારો ખેડૂતો ગોંડલ યાર્ડમાં પોતાની જણસ લઈ ઊંચા ભાવે વેચવા માટે જતા હોય છે. પરંતુ આ માર્ગ ઉપર છેલ્લા એક

અનુસંધાન પાના ૬ ઉપર

### બાળકોની શિષ્યવૃત્તિ પણ જમા થતી નથી

# લ્યો બોલો : જાફરાબાદની એસબીઆઈમાં ઘણા સમયથી ફિંગર પ્રિન્ટ કામગીરી બંધ

### બેન્કનાં ઉચ્ચ અધિકારીઓ આળશ ખંખેરે

જાફરાબાદ, તા. ૧૭
જાફરાબાદ ખાતે આવેલ એસબીઆઈ શાખામાં ઘણા સમયથી ફિંગર પ્રિન્ટની કામગીરી બંધ હોવાથી વિદ્યાર્થીઓના ખાતામાં જમા થતી શિષ્યવૃત્તિ ખાતામાં ક્રેડીટ થતી નહોવાથી અને ખાતા ધરાવતા વિદ્યાર્થીઓ ફિંગર પ્રિન્ટ દેવા માટે એસબીઆઈ બેન્કમાં

અનુસંધાન પાના ૬ ઉપર




તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ





૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
**70,900/-**
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૦૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના

લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૮૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ રવાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
સાવરકુંડલા :
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર ધિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : અરવિંદભાઈ દવે - ૯૯૦૪૫ ૨૪૨૬૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૩૧-૧૨-૨૦૨૫
લવાજમ ભરો
₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
amreli express
અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંઢારાણા - મો. નં. ૮૭૩૫૦ ૧૨૭૨૭
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)